RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 347 Dt. 22-06-2026 Page : 08 Price : Rs 3

**Editor :** PRATIPALSINH NARENDRASINH JADEJA, **Publisher, Printer & Owner :** YASHPALSINH JAYCHANDRASINH JADEJA

**Place of Publication and Printing :** 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

# હિઝબુલ્લાહને કાબૂમાં રાખો, નહીંતર તબાહી

## શાંતિ મંત્રણાઓ વચ્ચે ઈરાનને ભયાનક હુમલાની ચેતવણી : સ્વિટ્ઝર્લેન્ડમાં અમેરિકા-ઈરાન વચ્ચે બેઠકો ચાલુ છે, ત્યાં જ ડોનાલ્ડ ટ્રમ્પે આકરું વલણ અપનાવતા મિડલ-ઈસ્ટમાં ખળભળાટ





નવી દિલ્હી, તા.૨૧

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર આક્રમક મિજાજ દેખાડતા ઈરાન પર ભીષણ સૈન્ય હુમલો કરવાની સીધી ધમકી આપી છે. ટ્રમ્પે ઈરાનના પીઠબળથી ચાલતા આતંકી સંગઠન 'હિઝબુલ્લાહ' તરફ સીધો ઈશારો કરતા ચેતવણી આપી છે કે, જો ઈરાન લેબનોનમાં પોતાના આ પ્રોક્સી (પગારદાર) સંગઠન પર કાબૂ નહીં મેળવે, તો અમેરિકા તેના પર અત્યંત ભયાનક હુમલો કરશે. આશ્ચર્યની વાત એ છે કે ટ્રમ્પની આ ધમકી એવા સમયે આવી છે જ્યારે સ્વિટ્ઝર્લેન્ડમાં અમેરિકા અને ઈરાનના પ્રતિનિધિમંડળ (ડેલિગેશન) વચ્ચે શાંતિ મંત્રણા ચાલી રહી છે. શાંતિ વાર્તાના ટેબલ પરથી ઉઠતા પહેલા જ અમેરિકન પ્રમુખની આ ખુલ્લી ચેતવણીથી વૈશ્વિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

રવિવારે સાંજે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરતા ડોનાલ્ડ ટ્રમ્પે ગયા અઠવાડિયે અમેરિકા દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલાની યાદ અપાવી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં લખ્યું હતું કે, ''જો ઈરાન લેબનોનમાં પોતાના પ્રોક્સી (હિઝબુલ્લાહ) ને શાંત નહીં રાખે અને મુશ્કેલીઓ ઊભી કરતો નહીં રોકે, તો તેણે ગયા અઠવાડિયા જેવા જ અથવા તેનાથી પણ વધુ જોરદાર અને વિનાશક સૈન્ય હુમલાનો સામનો કરવા તૈયાર રહેવું પડશે.''

અમેરિકા અને ઈરાન વચ્ચે તૈયાર થયેલા સમજૂતી પત્ર (ખજ્ઞઞ) માં લેબનોનને પણ સામેલ કરવામાં આવ્યું છે. જેની પાછળનો મુખ્ય વિવાદોમાં ઈઝરાયલ-હિઝબુલ્લાહ સંઘર્ષ અંતર્ગત લેબનોનના મોટા ભાગ પર ઈરાન સમર્થિત જૂથ હિઝબુલ્લાહનું વર્ચસ્વ છે, જેની સામે ઈઝરાયલ લાંબા સમયથી લડી રહ્યું છે. ઈરાનની શરત અને ઈઝરાયલનો પ્રહાર જોઈએ તો ઈરાને અમેરિકા સાથેની સમજૂતીમાં લેબનોનમાં યુદ્ધવિરામ (સીઝફાયર) ની શરત રખાવી હતી. આમ છતાં, ઈઝરાયલે લેબનોન પર પોતાના હુમલા ચાલુ રાખ્યા છે. જ્યારે હોર્મુઝની સમુદ્રધુની બંધ કરવાની ચીમકી જોઈએ તો ઈઝરાયલના સતત હુમલાઓથી છંછેડાયેલા ઈરાને વળતા પ્રહાર રૂપે વૈશ્વિક વેપાર માટે અત્યંત મહત્વની એવી 'હોર્મુઝની સમુદ્રધુની' (Strait of Hormuz) ફરીથી બંધ કરી દેવાની ધમકી ઉચ્ચારી છે.

### નેતન્યાહૂના સમર્થનમાં ટ્રમ્પ? અમેરિકાના વલણમાં મોટો બદલાવ

આ સમગ્ર ઘટનાક્રમમાં ડોનાલ્ડ ટ્રમ્પના વલણમાં આવેલો અચાનક બદલાવ સૌથી વધુ નોંધનીય છે. અગાઉ, જ્યારે ઈઝરાયલે લેબનોન પર હુમલાઓ કર્યા હતા, ત્યારે ટ્રમ્પે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના વલણ સામે નારાજગી વ્યક્ત કરી હતી અને સમગ્ર પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) માં શાંતિ સ્થાપવા પર ભાર મૂક્યો હતો. બીજી તરફ ઈઝરાયલે સતત દલીલ કરી છે કે, લેબનોનનું આ જૂથ હિઝબુલ્લાહ તેની રાષ્ટ્રીય સુરક્ષા માટે સૌથી મોટો ખતરો છે, તેથી તેને અમેરિકા-ઈરાનની સમજૂતીનો હિસ્સો ન બનાવવું જોઈએ. અમેરિકાએ અત્યાર સુધી ઈઝરાયલની આ દલીલ સ્વીકારી નહોતી. પરંતુ, રવિવારે ટ્રમ્પે ઈરાનને આપેલી હુમલાની ધમકી પરથી સ્પષ્ટ થાય છે કે અમેરિકા હવે હિઝબુલ્લાહને મોટો ખતરો ગણાવતી ઈઝરાયલની દલીલ સાથે સંપૂર્ણપણે સહમત થઈ ચૂક્યું છે.

---

હોર્મુઝ વિવાદ બાદ ભારતે બદલી રણનીતિ!

# અમેરિકા પાસેથી ઘટાડી ખરીદી

## સમુદ્રમાં અનિશ્ચિતતા વચ્ચે ભારતે રશિયા અને UAE પાસેથી ક્રૂડ ઓઈલની આયાત વધારી




નવી દિલ્હી, તા.૨૧

ઈરાન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેના એમઓયુ પર હસ્તાક્ષર થયા પછી હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા શિપિંગ સામાન્ય થાય ત્યાં સુધી ભારતે જૂન મહિનામાં રશિયા અને સંયુક્ત આરબ અમીરાત (UAE) પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી વધારી દીધી છે. ભારતીય રિફાઈનરીઓએ ગલ્ફ પ્રદેશમાંથી પુરવઠો સંપૂર્ણપણે પુનઃસ્થાપિત થાય તે પહેલાં તેમના 'ઓઈલ સ્ટોરેજ'ને સુરક્ષિત કરવાની વ્યૂહરચના અપનાવી છે. મેરીટાઈમ અને કોમોડિટી ઈન્ટેલિજન્સ ફર્મ કેપ્લરના ડેટા અનુસાર, ભારતે ૧૯ જૂન સુધીમાં રશિયાથી સરેરાશ ૨.૬૬ મિલિયન બેરલ પ્રતિ દિવસ ક્રૂડ ઓઈલની આયાત કરી હતી, જે મે મહિનામાં ૧.૯૧ મિલિયન બેરલ પ્રતિ દિવસ હતી. આ સાથે રશિયા ભારતનો સૌથી મોટો તેલ સપ્લાયર રહ્યો છે.

જૂનમાં UAE થી આયાત ૬૩.૬ મિલિયન બેરલ પ્રતિ દિવસ રહી, જે મે મહિનામાં રેકોર્ડ ૬૪.૪ મિલિયન બેરલ પ્રતિ દિવસ કરતા થોડી ઓછી છે. આ દરમિયાન વેનેઝુએલા ભારતના ચોથા સૌથી મોટા તેલ સપ્લાયર તરીકે ઉભરી આવ્યું છે, જે દરરોજ ૨૦.૯ મિલિયન બેરલ સપ્લાય કરે છે. સાઉદી અરેબિયાનો પુરવઠો ૩૮.૪ મિલિયન બેરલ પ્રતિ દિવસ હતો. બીજી બાજુ, અમેરિકાથી તેલની આયાત ઘટીને માત્ર ૯૧,૦૦૦ બેરલ પ્રતિ દિવસ થઈ ગઈ છે, જે મે મહિનામાં ૨.૫૨ લાખ બેરલ પ્રતિ દિવસ હતી. રશિયા પાસેથી ડિસ્કાઉન્ટેડ તેલ ભારત માટે નફાકારક ડીલ છે, જ્યારે સંયુક્ત આરબ અમીરાતથી ખરીદીમાં વધારો થવાથી હોર્મુઝ સ્ટ્રેટમાં અનિશ્ચિતતા વચ્ચે પુરવઠાને સંતુલિત કરવામાં મોટી મદદ મળી છે. ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો ઉર્જા આયાતકાર દેશ છે અને ક્રૂડ ઓઈલ, LNG અને LPG માટે ખાડી દેશો પર ભારે નિર્ભર છે. યુએસ અને ઇઝરાયલી હુમલાઓ બાદ ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દીધું હતું, જેના કારણે વૈશ્વિક ઉર્જા પુરવઠો ખોરવાઈ ગયો હતો. હોર્મુઝ વિશ્વના લગભગ ૨૦ ટકા તેલ વપરાશના પરિવહન માટે એક મુખ્ય દરિયાઈ માર્ગ છે અને સાઉદી અરેબિયા, ઈરાક, કુવૈત, સંયુક્ત આરબ અમીરાત અને કતાર જેવા ખાડી દેશોની નિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે. જો કે, અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ કરાર બાદ ગયા અઠવાડિયાના અંતથી હોર્મુઝ દ્વારા તેલનો પુરવઠો ધીમે ધીમે ફરી શરૂ થયો છે. હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા અંગે અનિશ્ચિતતા યથાવત હોવા છતાં ઈરાને ઈઝરાયલ પર યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યા બાદ પરિસ્થિતિ ગંભીર બની છે. લેબેનોન પર ઈઝરાયલના તાજેતરના હુમલાઓ બાદ ઈરાની સૈન્યએ શનિવારે (૨૦ જૂન) હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાની જાહેરાત કરી હતી.

---

# ૪૦ની ઉંમરે ૨૦ કરતાં વધુ ફ્લેક્સિબલ બનો

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસે કોલકાતાથી PMમોદીનો વૈશ્વિક ફિટનેસ મંત્ર



કોલકાતા, તા. ૨૧

આજે સમગ્ર વિશ્વ ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રંગમાં રંગાયું છે. ભારતીય સંસ્કૃતિની આ અમૂલ્ય ભેટને આજે દુનિયાના ખૂણેખૂણે અપનાવવામાં આવી છે, ત્યારે આ વર્ષે દેશનો મુખ્ય રાષ્ટ્રીય કાર્યક્રમ પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતાના ઐતિહાસિક રેડ રોડ પર આયોજિત કરવામાં આવ્યો હતો.

આ ભવ્ય અને ઐતિહાસિક સમારોહમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હજારો યોગપ્રેમીઓ સાથે ઉપસ્થિત રહીને સામૂહિક યોગાભ્યાસ (Common Yoga Protocol) નું સફળ નેતૃત્વ કર્યું હતું. કોલકાતાના ઐતિહાસિક માર્ગ પર હજારોની જનમેદની વચ્ચે યોગ કરતા પીએમ મોદીએ દેશ અને દુનિયાના લોકોને શારીરિક અને માનસિક ફિટનેસનો એક નવો અને અત્યંત પ્રેરણાદાયક મંત્ર આપ્યો હતો.

આ વર્ષના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની વિશેષ થીમ 'યોગા ફોર હેલ્ધી એજિંગ' (સ્વસ્થ વૃદ્ધાવસ્થા માટે યોગ - Yoga for Healthy Aging) રાખવામાં આવી છે. આ થીમને સાર્થક કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને અપીલ કરતા જણાવ્યું હતું કે, 'આપણે ૪૦ ની ઉંમરે ૨૦ કરતાં વધુ ફ્લેક્સિબલ (લવચીક) બનવાનો સંકલ્પ લેવો જોઈએ.' તેમનો આ મંત્ર સ્પષ્ટ કરે છે કે ઉંમર વધવાની સાથે શરીરને નબળું પડવા દેવાને બદલે, નિયમિત યોગ દ્વારા તેને વધુ ચુસ્ત, સ્ફૂર્તિલું અને નિરોગી બનાવી શકાય છે. આધુનિક અને તણાવગ્રસ્ત જીવનશૈલીમાં શારીરિક અને માનસિક સુખાકારી માટે યોગની અનિવાર્યતા પર ભાર મૂકતા પીએમ મોદીએ દરેક નાગરિકને રોજિંદા જીવનમાં માત્ર એક દિવસ પૂરતો નહીં, પરંતુ આજીવન યોગને વણી લેવા માટે આહવાન કર્યું હતું.

ભારતની સાથે સાથે વૈશ્વિક સ્તરે પણ આજના દિવસની ઐતિહાસિક ઉજવણી થઈ રહી છે. માત્ર દેશમાં જ નહીં, પરંતુ વિશ્વભરમાં ફેલાયેલા ૨૧૦થી વધુ ભારતીય મિશનો અને દૂતાવાસોની સીધી દેખરેખ હેઠળ આશરે ૨૫૦૦ જેટલા વિવિધ સ્થળો પર યોગ દિવસના આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

વિદેશી નાગરિકો પણ ભારતના આ 'વિશ્વગુરુ' અભિગમ સાથે જોડાઈને હોંશે-હોંશે યોગ કરી રહ્યા છે. શારીરિક સ્વાસ્થ્યની સાથે માનસિક શાંતિ પ્રદાન કરતો યોગ આજે સાચા અર્થમાં એક વૈશ્વિક પર્વ બની ચૂક્યો છે, અને પીએમ મોદીના નેતૃત્વમાં ભારતે આ સ્વાસ્થ્ય ક્રાંતિને દુનિયાના દરેક ઘર સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય પાર પાડ્યું છે.

---

# તમિલનાડુની ફેક્ટરીમાં ભયાનક ગેસ ગળતરઃ ૭ મોત

### ૬૫ કર્મચારીઓ બીમાર, CMનો તપાસનો આદેશ

નવી દિલ્હી, તા.૨૧

તમિલનાડુના તિરુવલ્લુર જિલ્લામાં રવિવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. પેરિયાપાલયમ નજીક કન્નિગાપેર ગામમાં આવેલી 'સેન્ટ પીટર્સ પોલ સીફૂડ પ્રોસેસિંગ એન્ડ એક્સપોર્ટ કંપની'માં અચાનક એમોનિયા ગેસ ગળતર થયું હતું. ગેસ ફેલાતાની સાથે જ ફેક્ટરી પરિસરમાં નાસભાગ મચી ગઈ હતી અને કર્મચારીઓ પોતાનો જીવ બચાવવા બહાર તરફ ભાગવા લાગ્યા હતા. ગેસ ગળતરથી ૭ના મોત થયા છે જ્યારે ૧૦ની હાલત વધુ ગંભીર બની છે.

આ દુર્ઘટનામાં ૬૫થી વધુ કર્મચારીઓ ગેસની ઝપેટમાં આવી ગયા હતા, જેમાંથી સારવાર દરમિયાન ૭ના મોત થયા છે. જ્યારે ૧૦ શ્રમિકોની હાલત અતિ ગંભીર થઈ છે. જેમાં ઉત્તર ભારતના વિવિધ રાજ્યોમાંથી આવેલા પરપ્રાંતિય શ્રમિકો પણ સામેલ છે. ગેસની અસર થતાં જ ઘણા કર્મચારીઓએ શ્વાસ લેવામાં તકલીફ, ચક્કર અને બેચેનીની ફરિયાદ કરવા માંડી હતી. આ પછી ફેક્ટરી મેનેજમેન્ટ અને સ્થાનિક વહીવટીતંત્રે તાત્કાલિક રાહત કાર્ય શરૂ કર્યું હતું. અસરગ્રસ્ત કર્મચારીઓને અલગ-અલગ વાહનો દ્વારા નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. અસરગ્રસ્ત કર્મચારીઓને સારવાર માટે તાત્કાલિક વાહનો દ્વારા નજીકની વેલ્સ પ્રાઈવેટ મેડિકલ કોલેજ હોસ્પિટલ અને વેંકટેશ્વર પ્રાઈવેટ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લઈ જઈને દાખલ કરવામાં આવ્યા હતા. ડોક્ટરોની ટીમે તમામ દર્દીઓની તાત્કાલિક તપાસ શરૂ કરીને સારવાર કરી હતી. પ્રારંભિક માહિતી મુજબ, ૧૦ કર્મચારીઓ ગેસની અસરથી બેભાન થઈ ગયા હતા. તેમની હાલત ગંભીર હોવાનું કહેવાય છે અને ડોક્ટરો સતત તેમના પર નજર રાખી રહ્યા છે. બીજી તરફ, બે લોકોના નાકમાંથી લોહી વહેવાની પણ માહિતી છે, જેના કારણે આસપાસના વિસ્તારમાં ગભરાટનો માહોલ સર્જાયો છે. આ ઘટના બાદ ગામના લોકો અને ફેક્ટરીમાં હાજર અન્ય કર્મચારીઓમાં પણ ભયનો માહોલ છે. મોટી સંખ્યામાં લોકો હોસ્પિટલો અને ફેક્ટરી પરિસરની બહાર એકઠા થઈ ગયા છે.

ઘટનાની ગંભીરતાને જોતા ડોક્ટરોની વિશેષ ટીમે ગંભીર રીતે અસરગ્રસ્ત દર્દીઓની પ્રાથમિક સારવાર કરી હતી. આ પછી ત્રણ ગંભીર દર્દીઓને એમ્બ્યુલન્સ દ્વારા ચેન્નાઈ સ્થિત સ્ટેનલી ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આપને જણાવી દઈએ કે એમોનિયા ગેસનો ઉપયોગ સામાન્ય રીતે કોલ્ડ સ્ટોરેજ અને સીફૂડ પ્રોસેસિંગ યુનિટ્સમાં રેફ્રિજરેશન સિસ્ટમ માટે કરવામાં આવે છે. બીજી તરફ, રાજ્ય સરકારે આ ઘટનાને અત્યંત દુઃખદ ગણાવતા કહ્યું છે કે આ દુર્ઘટનામાં ૬૦ મહિલાઓ અને ૪ પુરુષો પ્રભાવિત થયા છે. મુખ્યમંત્રીએ મૃતકો પ્રત્યે ઊંડો શોક વ્યક્ત કર્યો છે અને અધિકારીઓને આ મામલે કડક કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યા છે.

---

# દેશ માટે દરિયાઈ કૌશલ્ય મહત્વપૂર્ણ : વડાપ્રધાન

## ક્ષમતાઓની ઓળખ આત્મનિર્ભરતામાં, વિશ્વ માટે બજાર બનવામાં નહીં : મોદી



નવી દિલ્હી, તા.૨૧

રવિવાર, ૨૧ જૂનના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે મજબૂત દરિયાઈ ક્ષમતાઓ દેશના આર્થિક અને વ્યૂહાત્મક પ્રભાવ માટે નિર્ણાયક પરિબળ છે, અને ભારત આને સારી રીતે સમજે છે અને તેના માટે તૈયારી કરી રહ્યું છે. કોલકાતામાં શ્યામા પ્રસાદ મુખર્જી બંદર પર ત્રણ સ્વદેશી રીતે નિર્મિત નૌકાદળના જહાજોને કમિશનિંગ કર્યા પછી પોતાના સંબોધનમાં, મોદીએ કહ્યું કે ભારત સંરક્ષણ ક્ષેત્રમાં ફક્ત ખરીદનાર દેશ રહેવા માંગતો નથી અને દેશના સશસ્ત્ર દળો વિશ્વ માટે ફક્ત બજાર નથી. આપણી ક્ષમતાઓની ઓળખ આપણી આત્મનિર્ભરતામાં રહેલી છે, વિશ્વ માટે બજાર બનવામાં નહીં.

દરિયાઈ કૌશલ્ય વિના કોઈ પણ રાષ્ટ્ર મોટી શક્તિ બની શકતું નથી. વિકાસ, સુરક્ષા અને સમૃદ્ધિ સમુદ્ર સાથે જોડાયેલી છે. દરિયાઈ ક્ષમતા ધરાવતો દેશ મજબૂત હોય છે અને તેનો આર્થિક અને વ્યૂહાત્મક પ્રભાવ વધુ હોય છે. તેમણે કહ્યું કે ભારત આ વાસ્તવિકતાને સારી રીતે સમજે છે, અને તેના માટે પોતાને તૈયાર કરી રહ્યું છે. પ્રધાનમંત્રીએ સ્વદેશી રીતે નિર્મિત સ્ટીલ્થ ફ્રિગેટ દુનાગિરી, સર્વે જહાજ સંશોધક અને સબમરીન વિરોધી યુદ્ધ જહાજ અગ્રેને કમિશન કર્યું હતું.

તેમણે કહ્યું કે ફ્રન્ટલાઈન પ્લેટફોર્મ દરિયાઈ લડાઇ, હાઇડ્રોગ્રાફિક સર્વેક્ષણ અને સબમરીન વિરોધી યુદ્ધમાં મુખ્ય ઓપરેશનલ ક્ષમતાઓનું પ્રતિનિધિત્વ કરે છે. મોદીએ કહ્યું કે ભારતે થોડા વર્ષો પહેલા વિમાનવાહક જહાજ ઈંગજ વિક્રાંતને કમિશન કરીને તેની દરિયાઈ ક્ષમતાઓનું પ્રદર્શન કર્યું હતું. ભારતનું પ્રથમ સ્વદેશી રીતે નિર્મિત વિમાનવાહક જહાજ ઈંગજ વિક્રાંત ૨૦૨૨ માં કમિશન કરવામાં આવ્યું હતું. ઈંગજ વિક્રાંતથી આજ સુધીની ભારતની સફર ફક્ત નવા યુદ્ધ જહાજો વિશે નથી પરંતુ આત્મનિર્ભરતા છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ઈંગજ અગ્રે, ઈંગજ દુનાગિરી અને ઈંગજ સંશોધકનું કમિશનિંગ એ યાત્રાને આગળ વધારી રહ્યું છે. આ ત્રણ જહાજો ભારતમાં ડિઝાઈન અને બનાવવામાં આવ્યા હતા અને દેશની પ્રતિભા દર્શાવે છે. ભારત ઝડપથી ખરીદનાર દેશથી બિલ્ડર દેશમાં પરિવર્તિત થઈ રહ્યું છે, જે દિવસે આપણે બિલ્ડર બનીશું તે દિવસે આપણે નિર્ણાયક બનીશું. મોદીએ કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં ૪૦ થી વધુ યુદ્ધ જહાજો અને સબમરીન કાર્યરત કરવામાં આવ્યા છે, અને ૪૫ મોટા નૌકાદળ પ્લેટફોર્મ નિર્માણાધીન છે. આ ફક્ત સંખ્યાઓ નથી પરંતુ ભારતની ઔદ્યોગિક ક્ષમતાના પુરાવા છે અને દેશના ભવિષ્યનો સંકેત છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે રવિવારે કમિશન કરાયેલા ત્રણ નૌકાદળ પ્લેટફોર્મના નિર્માણમાં ભારતીય સાહસો, ઈજનેરો અને કામદારો સામેલ હતા. આ જહાજો ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજ ડિઝાઈન બ્યુરો દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યા હતા અને કોલકાતા સ્થિત સંરક્ષણ પીએસયુ ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ દ્વારા બનાવવામાં આવ્યા હતા.

આ પ્લેટફોર્મ્સમાં ૭૫ ટકાથી વધુ સ્વદેશી સામગ્રી છે, જેમાં ૨૦૦ થી વધુ ખજખઊ સહિત ભારતીય ઉદ્યોગ દ્વારા વ્યાપક ભાગીદારી છે. સરકાર દરિયાઈ ક્ષેત્રને ''વિકસિત ભારતના રોજગાર એન્જિન'' તરીકે જુએ છે કારણ કે તેમાં લાખો નોકરીઓ આપવાની ક્ષમતા છે. ભારત માટે દરિયાઈ શક્તિના આગામી તબક્કામાં પ્રવેશવાનો સમય આવી ગયો છે અને તેથી જ દેશે જહાજ નિર્માણ ઉદ્યોગ માટે એક નવા વિઝન સાથે આગળ વધવાનું શરૂ કર્યું છે.

તાજેતરના વર્ષોમાં અનેક નીતિગત સુધારા લાગુ કરવામાં આવ્યા છે અને સ્થાનિક ઉત્પાદન વધારવા માટે ખાસ પહેલ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે જહાજ નિર્માણ, સમારકામ, રિસાયક્લિંગ અને ખછ્છ (જાળવણી, સમારકામ અને સંચાલન) ને એક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય મિશન તરીકે જોવામાં આવી રહ્યું છે. શિપિંગ ક્ષેત્ર માટે રૂ. ૭૦,૦૦૦ કરોડનું નાણાકીય પેકેજ માત્ર એક આર્થિક નિર્ણય નથી, પરંતુ ભારતના દરિયાઈ ભવિષ્ય અને ઔદ્યોગિક વિસ્તરણમાં રોકાણ છે.


સરકારે સપ્ટેમ્બર, ૨૦૨૫ માં દેશના જહાજ નિર્માણ ક્ષેત્રને પુનર્જીવિત કરવા માટે લગભગ ૭૦,૦૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે ત્રણ યોજનાઓની જાહેરાત કરી હતી.

ભારત તેના દરિયાઈ ઈકોસિસ્ટમને મજબૂત બનાવી રહ્યું છે, અને દેશ આ વિઝન સાથે તેના બંદરોનું આધુનિકીકરણ કરી રહ્યો છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોમાં પશ્ચિમ બંગાળના રાજ્યપાલ આર.એન. રવિ, મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી અને ભારતીય નૌકાદળના વડા એડમિરલ કૃષ્ણ સ્વામીનાથન કમિશનિંગ સામેલ હતા.

# પાચનતંત્રમાં જઠરની મહત્વની ભૂમિકા

## જઠર માત્ર ખોરાકનો સંગ્રહ જ નથી કરતું, પરંતુ તેનું વિભાજન કરી તેને પચવાલાયક બનાવવાનું જટિલ કામ




રાજકોટ, તા.૨૧

જઠર (Stomach) એ આપણા પાચનતંત્રનો એક અત્યંત મહત્વપૂર્ણ, સ્નાયુબદ્ધ અને કોથળી જેવો અવયવ છે. તે અન્નનળી અને નાના આંતરડાની વચ્ચે આવેલો હોય છે. આપણે જે કંઈ પણ ખાઈએ છીએ તેને પચાવવાની મુખ્ય શરૂઆત અને પ્રક્રિયા જઠરમાં જ થાય છે.જઠર માત્ર ખોરાકનો સંગ્રહ જ નથી કરતું, પરંતુ તેનું વિભાજન કરી તેને પચવાલાયક બનાવવાનું જટિલ કામ કરે છે.જ્યારે ખોરાક અન્નનળી દ્વારા જઠરમાં પ્રવેશે છે, ત્યારે મુખ્યત્વે ત્રણ પ્રક્રિયાઓ થાય છે. જ્યારે આપણે જમીએ છીએ ત્યારે ખોરાક સીધો જઠરમાં જાય છે. જઠર એક રબરની થેલીની જેમ ખેંચાઈને ખોરાકને સંગ્રહે છે. ત્યારબાદ જઠરના સ્નાયુઓ સતત સંકોચન અને વિસ્તરણ પામીને ખોરાકને વલોવે છે, બરાબર એવી જ રીતે જેમ મિક્સરમાં વસ્તુઓ પીસાય છે. આ પ્રક્રિયાથી ખોરાક એક અર્ધ-પ્રવાહી (તયળશ-રહીશમ) પેસ્ટમાં ફેરવાય છે, જેને વિજ્ઞાનની ભાષામાં 'કાઈમ' (Chyme) કહેવાય છે.

જઠરની અંદરની દીવાલોમાંથી 'જઠરરસ' (Gastric Juice) નો સ્ત્રાવ થાય છે. આ રસ ખોરાકને પચાવવામાં સૌથી મોટો ભાગ ભજવે છે. તેમાં ત્રણ મુખ્ય તત્વો હોય છેઃ હાઈડ્રોક્લોરિક એસિડ (HCl): આ એક જલદ એસિડ છે જે ખોરાક સાથે શરીરમાં પ્રવેશેલા હાનિકારક બેક્ટેરિયા અને કીટાણુઓનો નાશ કરે છે. તે પાચન માટે જરૂરી એસિડિક માહોલ બનાવે છે. પેપ્સિન (Pepsin): આ એક ઉત્સેચક (Enzyme) છે, જે ખોરાકમાં રહેલા પ્રોટીનને તોડવાનું અને તેનું પાચન કરવાનું શરૂ કરે છે.શ્લેષ્મ (ખીભીત): આ એક ચીકણો પદાર્થ છે જે જઠરની અંદરની દીવાલ પર એક રક્ષણાત્મક પડ બનાવે છે, જેથી અત્યંત જલદ એસિડ (HCl) થી જઠરની દીવાલો બળી ન જાય કે અલ્સર ન થાય. શોષણ અને આગળ ધકેલવાની પ્રક્રિયા જોઈએ તો જઠર આમ તો ખોરાકમાંથી પોષકતત્વોનું સીધું શોષણ બહુ ઓછું કરે છે (મોટાભાગનું શોષણ નાના આંતરડામાં થાય છે), પરંતુ તે પાણી, અમુક દવાઓ (જેમ કે એસ્પિરિન) અને આલ્કોહોલનું સીધું શોષણ કરી લે છે. ખોરાક બરાબર વલોવાઈ ગયા પછી જઠર ધીમે-ધીમે આ 'કાઈમ'ને નાના આંતરડામાં ધકેલે છે.

જઠરમાં ખોરાક પચવાનો સમય પણ જાણવા જેવો છે. અલગ અલગ પ્રકારના ખોરાકને જઠરમાંથી પસાર થવામાં અલગ અલગ સમય લાગે છે. જેમાં પ્રવાહી (પાણી/જ્યુસ)ને ૧૦ થી ૨૦ મિનિટ, કાર્બોહાઈડ્રેટ્સ (રોટલી/ભાત)ને ૧ થી ૨ કલાક, પ્રોટીન (કઠોળ/માંસ)ને ૨ થી ૪ કલાક અને ચરબીયુક્ત (તળેલો ખોરાક)ને ૪ કલાકથી વધુનો સમય લાગે છે મુખ્ય નોંધઃ ટૂંકમાં સમજીએ તો, જઠર એ આપણા શરીરનું 'ફૂડ પ્રોસેસર' અને 'સ્ટરિલાઈઝર' (જંતુનાશક) બંને છે. જો આપણે ખૂબ ઝડપથી ચાવ્યા વગર ખાઈએ, તો જઠર પર આ ખોરાકને તોડવાનું ભારણ ખૂબ વધી જાય છે, જેનાથી એસિડિટી અને ગેસની સમસ્યા થાય છે.

જઠરને સ્વસ્થ રાખવા માટે શું ખાવું? ફાઈબરયુક્ત આહાર (રેસાવાળો ખોરાક): આખા અનાજ (ઓટ્સ, બ્રાઉન રાઈસ, બાજરી, જુવાર), તાજા ફળો (સફરજન, પપૈયું, કેળા) અને લીલા પાંદડાવાળા શાકભાજીમાં ફાઈબર ભરપૂર હોય છે. ફાઈબર ખોરાકને પાચનતંત્રમાં આગળ વધારવામાં અને કબજિયાત અટકાવવામાં મદદ કરે છે. પ્રોબાયોટિક્સ (સારા બેક્ટેરિયા): દહીં અને છાશ એ પ્રોબાયોટિક્સનો ઉત્તમ અને કુદરતી સ્ત્રોત છે. તે આંતરડા અને જઠરમાં સારા બેક્ટેરિયા વધારે છે, જે પાચનક્રિયાને સરળ બનાવે છે અને ગરમી કે એસિડિટી ઘટાડે છે. પૂરતું પાણી પીવુંઃ પાણી એ પાચન માટે ખૂબ અગત્યનું છે. દિવસ દરમિયાન પૂરતું પાણી પીવાથી જઠરમાં એસિડનું સંતુલન જળવાય છે અને કચરો સરળતાથી બહાર નીકળી જાય છે. જમતા વચ્ચે વધુ પાણી પીવાનું ટાળવું જોઈએ, જમ્યાના ૪૫ મિનિટ પછી જ પાણી પીવું હિતાવહ છે. પાચન સુધારતા મસાલાઃ ભોજનમાં આદુ, જીરું, વરિયાળી, હીંગ અને અજમાનો ઉપયોગ કરો. આ વસ્તુઓ જઠરના પાચન રસોને યોગ્ય રીતે કામ કરવામાં મદદ કરે છે અને ગેસ-આફરાથી બચાવે છે.

### કઈ આદતો અપનાવવી અને કઈ ટાળવી?

ખોરાક ખૂબ ચાવીને ખાવોઃ પાચનની શરૂઆત મોઢામાંથી જ થઈ જાય છે. ખોરાકના કોળિયાને બરાબર ચાવીને પ્રવાહી જેવો બનાવીને જ ગળવો જોઈએ, જેથી જઠર પર ખોરાક પચાવવાનું ભારણ ઓછું પડે. ભૂખ કરતાં થોડું ઓછું જમવુંઃ જઠરને એક મિક્સરની જેમ સમજો. જો મિક્સરને ઉપર સુધી ભરી દેશો તો તે અંદરની વસ્તુ બરાબર પીસી શકશે નહીં. જઠરને ખોરાક વલોવવા માટે થોડી ખાલી જગ્યાની (અંદાજે ૨૦% ભાગ ખાલી રાખવાની) જરૂર પડે છે. તીખો, તળેલો અને જંક ફૂડ ટાળવોઃ વધુ પડતો મસાલેદાર, મેંદો અને ડીપ-ફ્રાય કરેલો ખોરાક જઠરમાં રહેલા રક્ષણાત્મક પડને નુકસાન પહોંચાડે છે, જેનાથી છાતીમાં બળતરા, એસિડિટી અને ભવિષ્યમાં અલ્સરનું જોખમ વધે છે.જમવાના સમયમાં નિયમિતતાઃ રોજ એક જ સમયે જમવાની ટેવ પાડો. સમયસર જમવાથી જઠર યોગ્ય સમયે પાચન રસો ઉત્પન્ન કરવા ટેવાઈ જાય છે. રાત્રે સૂવાના ઓછામાં ઓછા ૨ કલાક પહેલાં જમી લેવું જોઈએ અને રાતનું ભોજન હંમેશા હળવું રાખવું. જમ્યા પછી તરત સૂવાથી જઠરમાં રહેલો એસિડ અન્નનળીમાં પાછો ફરે છે. જમ્યા પછી બેસવા કરતાં કે સૂવા કરતાં ૧૦ થી ૧૫ મિનિટ હળવું ચાલવાની ટેવ પાડો. માનસિક તણાવ (Stress) જઠરના સ્વાસ્થ્યનો સૌથી મોટો દુશ્મન છે. વધુ પડતા ટેન્શનમાં રહેવાથી જઠરમાં એસિડનું પ્રમાણ અસાધારણ રીતે વધી જાય છે, તેથી પાચન સુધારવા માટે ખુશ રહેવું અને પૂરતી ઊંઘ લેવી પણ એટલી જ જરૂરી છે.



# ડાયાબિટીસના દર્દીઓએ આવા ખોરાકથી દૂર રહેવું હિતાવહ

## મીઠાસ મધુપ્રમેહના દર્દીનો સૌથી મોટો દુશ્મન, બચવા આટલું કરો

રાજકોટ,તા.૨૧

આપણા શરીરમાં જ્યારે ઈન્સ્યુલિન બરાબર કામ ન કરે ત્યારે લોહીમાં સાકર (સુગર) વધે છે. તેથી એવો ખોરાક ટાળવો જોઈએ જે શરીરમાં જઈને તરત જ સુગર વધારે છેઃ સીધી ખાંડ અને મીઠાઈઓઃ ચા, કોફી કે દૂધમાં ઉપરથી ખાંડ નાખવાનું ટાળવું. પેંડા, બરફી, જલેબી, ચોકલેટ અને આઈસ્ક્રીમ જેવા ગળ્યા પદાર્થોથી સંપૂર્ણપણે દૂર રહેવું.મેંદો અને રિફાઈન્ડ કાર્બોહાઈડ્રેટ્સઃ મેંદામાંથી બનતી વસ્તુઓ જેવી કે વ્હાઈટ બ્રેડ, બિસ્કિટ, નાનખટાઈ, પિઝા, બર્ગર અને પાંઉમાં ફાઈબર હોતું નથી અને તે લોહીમાં સુગરનું પ્રમાણ ખૂબ ઝડપથી વધારે છે.કોલ્ડ ડ્રિંક્સ અને પેકેજ્ડ જ્યુસઃ બજારમાં મળતા ઠંડા પીણાં અને ફળોના રસમાં (Packaged Juice) ખાંડનું પ્રમાણ ખૂબ ઊંચું હોય છે. તેના બદલે આખું ફળ ખાવું વધુ હિતાવહ છે, જેથી શરીરને ફાઈબર પણ મળે. તળેલો ખોરાક અને ફરસાણઃ સમોસા, કચોરી, ગાંઠિયા, ભજિયાં વગેરેમાં ટ્રાન્સ ફેટ હોય છે. તે વજન વધારે છે અને ઈન્સ્યુલિનને શરીરમાં યોગ્ય રીતે કામ કરતું રોકે છે. વધુ ગળ્યા ફળોઃ કેરી, ચીકુ, કેળાં, સીતાફળ અને દ્રાક્ષ જેવા ફળોમાં કુદરતી સુગર વધુ હોય છે. ડાયાબિટીસના દર્દીએ આ ફળો ન ખાવા અથવા ડોક્ટરની સલાહ મુજબ ખૂબ જ ઓછી માત્રામાં ખાવા જોઈએ. તેની જગ્યાએ સફરજન, પપૈયું, જામફળ કે દાડમ જેવા ફળો ખાઈ શકાય.ડાયાબિટીસ કોઈ એક દિવસમાં શરીરને નુકસાન નથી કરતો, પરંતુ તે લાંબા સમય સુધી કાબૂમાં ન રહે ત્યારે તેની ધીમી અસર થાય છે. સુગરના લેવલને સમજવા માટે નીચેના આંકડાઓ ધ્યાનમાં રાખવા જોઈએઃ

નોર્મલ લેવલ (કોઈ અસર નહીં) ભૂખ્યા પેટે (Fasting): ૧૦૦ ળલ/મક થી ઓછું., જમ્યા પછી (PP): ૧૪૦ mg/dL થી ઓછું. આ લેવલ દર્શાવે છે કે તમારું શરીર એકદમ સ્વસ્થ છે અને સ્વાદુપિંડ (Pancreas) બરાબર કામ કરી રહ્યું છે. બોર્ડરલાઈન અથવા પ્રી-ડાયાબિટીસ (ચેતવણીનો સંકેત) ભૂખ્યા પેટે (Fasting): ૧૦૦ થી ૧૨૫ mg/dL વચ્ચે.જમ્યા પછી (PP): ૧૪૦ થી ૧૯૯ mg/dL વચ્ચે.શરીર પર અસરઃ આ તબક્કામાં માણસને કોઈ ખાસ લક્ષણો કે શારીરિક તકલીફ જણાતી નથી, પરંતુ આ એક લાલ બત્તી (Red Alert) છે. જો આ સમયે વજન ઘટાડવા, આહાર સુધારવા અને કસરત પર ધ્યાન ન અપાય, તો થોડા સમયમાં ડાયાબિટીસ થઈ જવાની પૂરી શક્યતા રહે છે. ડાયાબિટીસ (શરીર પર નકારાત્મક અસર) ક્યારે કરે તે જોઈએ તો ભૂખ્યા પેટે (Fasting): ૧૨૬ mg/dL કે તેથી વધુ., જમ્યા પછી (PP): ૨૦૦ ળલ/મક કે તેથી વધુ. અને શરીર પર અસર જોઇએ તો જો સુગર સતત આટલું ઊંચું રહે, તો તેની સીધી અસર શરીરના મુખ્ય અંગો પર થવા લાગે છે. વારંવાર પેશાબ જવું પડવું, ખૂબ તરસ લાગવી, અચાનક વજન ઘટી જવું, ઘા રૂઝાવામાં વાર લાગવી અને થાક લાગવો તેના શરૂઆતી લક્ષણો છે. લાંબા ગાળે આ ઊંચી સુગર કિડની, આંખોની નસો (દ્રષ્ટિ ઝાંખી પડવી), હૃદય (હાર્ટ એટેકનું જોખમ) અને પગની ચેતાઓને (પગમાં ખાલી ચડવી કે બળતરા થવી) નુકસાન પહોંચાડી શકે છે. ટૂંકમાં કહીએ તો, ડાયાબિટીસ એ કોઈ ભયંકર રાક્ષસ નથી, પરંતુ એક એવો મહેમાન છે જેને શિસ્ત અને નિયમોથી કાબૂમાં રાખવો પડે. લીલા શાકભાજી, કઠોળ, સલાડનો ભરપૂર ઉપયોગ અને રોજ ૪૦ થી ૪૫ મિનિટ ચાલવાની કસરત (Walking) આ સમસ્યાનો સૌથી શ્રેષ્ઠ અને અકસીર ઈલાજ છે!

# કેલ્શિયમની ઉણપ કોને અને ક્યારે થાય છે?

## કેલ્શિયમ વધારવા માટે આહાર અને જીવનશૈલીમાં કેવો ફેરફાર જરૂરી ?





રાજકોટ, તા.૨૧

સામાન્ય રીતે આપણા શરીરના કુલ કેલ્શિયમનું ૯૯% કેલ્શિયમ હાડકાં અને દાંતમાં હોય છે. જ્યારે લોહીમાં કેલ્શિયમ ઘટે છે, ત્યારે શરીર હાડકાંમાંથી કેલ્શિયમ ખેંચવા લાગે છે. આ ઉણપ નીચે મુજબના લોકોને અને સંજોગોમાં વધુ જોવા મળે છેઃ

મહિલાઓનેઃ ખાસ કરીને મેનોપોઝ (માસિક ધર્મ બંધ થવા) પછી શરીરમાં એસ્ટ્રોજન હોર્મોન ઘટવાથી હાડકાં ઝડપથી નબળા પડે છે. આ ઉપરાંત, ગર્ભાવસ્થા અને સ્તનપાન કરાવતી વખતે પણ મહિલાઓને કેલ્શિયમની વધુ જરૂર પડે છે. વધતી ઉંમરે (૫૦ વર્ષ પછી): ઉંમર વધવાની સાથે શરીરની ખોરાકમાંથી કેલ્શિયમ શોષવાની ક્ષમતા ઘટી જાય છે. વિટામિન ઉ ની ઉણપ હોય તેમનેઃ વિટામિન ઉ વગર આપણું શરીર ખોરાકમાંથી કેલ્શિયમ પચાવી શકતું નથી.

એટલે જે લોકો તડકામાં ઓછા જતા હોય તેમને આ સમસ્યા થઈ શકે છે.વિકાસ પામતા બાળકોમાંઃ નાના બાળકો અને તરુણોના શારીરિક વિકાસના તબક્કે જો યોગ્ય આહાર ન મળે તો તેમને કેલ્શિયમ ઘટે છે.અન્ય કારણોઃ જેમને દૂધ કે ડેરી પ્રોડક્ટ્સ પચતા ન હોય (Lactose Intolerance), અથવા જેમને થાઈરોઈડ કે આંતરડાને લગતી કોઈ બીમારી હોય.


કેલ્શિયમ વધારવા માટે આહાર અને જીવનશૈલીમાં ફેરફારો કરી શકાય. જેમાં ડેરી પ્રોડક્ટ્સનો ઉપયોગઃ દૂધ, દહીં, છાશ અને પનીર કેલ્શિયમનો સૌથી મોટો અને સરળ સ્ત્રોત છે. રોજિંદા ખોરાકમાં તેનો અચૂક સમાવેશ કરો. રાગી (નાગલી): અનાજમાં રાગી કેલ્શિયમનો બેસ્ટ સ્ત્રોત માનવામાં આવે છે. ઘઉંની સાથે રાગીનો રોટલો કે તેની અન્ય વાનગીઓ ખાવી જોઈએ. તલ અને ડ્રાયફ્રૂટ્સઃ કાળા અને સફેદ તલ કેલ્શિયમનો ભંડાર છે. મુખવાસમાં તલ ખાવા જોઈએ. આ ઉપરાંત બદામ અને અંજીરને રાત્રે પલાળીને સવારે ખાવાથી ખૂબ ફાયદો થાય છે. લીલા પાંદડાવાળા શાકભાજીઃ પાલક, મેથી, તાંદળજો અને બ્રોકોલી જેવા લીલા શાકભાજીમાં કેલ્શિયમ અને આયર્ન સારા પ્રમાણમાં હોય છે. કઠોળ અને સોયાબીનઃ સોયાબીન, ટોફુ, ચણા, અને રાજમા જેવા કઠોળમાંથી પણ શરીરને જરૂરી કેલ્શિયમ અને પ્રોટીન મળી રહે છે. સવારનો કૂમળો તડકો (વિટામિન ઉ): તમે ગમે તેટલું કેલ્શિયમ ખાઓ, પણ જો શરીરમાં વિટામિન ઉ નહીં હોય તો તે કામ નહીં લાગે. આથી રોજ સવારે ૧૫ થી ૨૦ મિનિટ કૂમળા તડકામાં બેસવાની ટેવ પાડો.ચા-કોફી અને મીઠું ઓછું કરોઃ વધુ પડતી ચા, કોફી કે વધારે પડતો ખારો ખોરાક (મીઠું) પેશાબ વાટે શરીરમાંથી કેલ્શિયમનો નાશ કરે છે, તેથી તેનું સેવન મર્યાદિત કરવું. (ખાસ નોંધઃ જો કેલ્શિયમની ઉણપના ગંભીર લક્ષણો જેમ કે સાંધાનો દુખાવો, સ્નાયુઓ ખેંચાવા કે નબળાઈ લાગતી હોય, તો ડોક્ટરની સલાહ લઈને જ કેલ્શિયમની દવા કે સપ્લીમેન્ટ્સ શરૂ કરવા હિતાવહ છે.)

# ખોરાકને લોહી અને ઉર્જામાં ફેરવવાનું કામ કરતા આંતરડા

## શરીરમાં આંતરડાનું મહત્વ અને તેની કામગીરી જાણીને થશે સૌને અચરજ

રાજકોટ, તા.૨૧

આપણા શરીરમાં આંતરડાં મુખ્યત્વે બે ભાગમાં વહેંચાયેલા છેઃ નાનું આંતરડું અને મોટું આંતરડું. આપણે જે પણ કંઈ ખાઈએ છીએ, તેને લોહી અને ઊર્જામાં ફેરવવાનું મુખ્ય કારખાનું આ આંતરડાં જ છે. નાનું આંતરડું (Small Intestine): ભલે તેનું નામ ''નાનું'' છે, પરંતુ તે ગૂંચળું વળીને પેટમાં ગોઠવાયેલું હોય છે અને તેની લંબાઈ લગભગ ૨૦ ફૂટ જેટલી હોય છે! જઠરમાંથી આવેલો ખોરાક અહીં પૂરેપૂરો પચે છે. ખોરાકમાંથી જરૂરી પોષક તત્વો, વિટામિન્સ, પ્રોટીન, ચરબી અને મિનરલ્સ શોષીને તેને સીધા લોહીમાં ભેળવવાનું અતિ મહત્વનું કામ આ આંતરડું કરે છે. મોટું આંતરડું (Large Intestine): આશરે ૫ ફૂટ લાંબા



અને થોડા પહોળા આ આંતરડામાં નાના આંતરડામાંથી વધેલો કચરો (અપાચિત ખોરાક) આવે છે. તેનું મુખ્ય કામ આ કચરામાંથી બચ્યું-કૂચ્યું પાણી અને ક્ષાર શોષી લેવાનું છે. ત્યારબાદ તે નકામા કચરાને મળ (Stool) સ્વરૂપે શરીરની બહાર કાઢવામાં મદદ કરે છે. શરીરનું બીજું મગજ (Second Brain): વિજ્ઞાન હવે આંતરડાને શરીરનું બીજું મગજ કહે છે. આંતરડામાં કરોડોની સંખ્યામાં 'સારા બેક્ટેરિયા' (ગટ માઈક્રોબાયોમ) આવેલા હોય છે. તે આપણી રોગપ્રતિકારક શક્તિ (Immunity) મજબૂત કરે છે અને આપણા મગજમાં ખુશીના હોર્મોન્સ પેદા કરીને આપણા મૂડને પણ કંટ્રોલ કરે છે. મેડિકલ સાયન્સની ભાષામાં તેને ઈન્ટેસ્ટાઈનલ ટ્રાન્સપ્લાન્ટ (Intestinal Transplant) અથવા આંતરડાનું પ્રત્યારોપણ કહે છે. કિડની કે લિવર ટ્રાન્સપ્લાન્ટ જેટલું આ સામાન્ય નથી, આ એક ખૂબ જ જટિલ અને અઘરી સર્જરી છે, પરંતુ તે શક્ય છે. કોને જરૂર પડે?: જે દર્દીઓના આંતરડા કોઈ બીમારી કે અકસ્માતને કારણે સંપૂર્ણપણે કામ કરતા બંધ થઈ ગયા હોય (જેને Intestinal Failure કહેવાય) અને જેમને નળી દ્વારા સીધું લોહીમાં જ પોષણ આપવું પડતું હોય, તેમના માટે આંતરડાનું દાન જીવનદાન બની રહે છે. દાન કોણ કરી શકે?: મોટાભાગે આંતરડાનું દાન એવા વ્યક્તિ દ્વારા કરવામાં આવે છે જેમને તબીબી રીતે 'બ્રેઈન-ડેડ' (Brain-dead) જાહેર કરવામાં આવ્યા હોય. જીવંત દાતા (Living Donor): અમુક ખૂબ જ ખાસ અને રેર કિસ્સાઓમાં, કોઈ જીવંત વ્યક્તિ (જેમ કે પરિવારનો કોઈ સભ્ય) પણ પોતાના નાના આંતરડાનો અમુક ભાગ (સામાન્ય રીતે ૬૦ થી ૭૦ સેન્ટીમીટર જેટલો) દાન કરી શકે છે. દાતાના શરીરમાં બાકી રહેલું આંતરડું સામાન્ય રીતે કામ આપવાનું ચાલુ રાખે છે.

ટૂંકમાં કહીએ તો, આંતરડું માત્ર ખોરાક પચાવવાની પાઈપ નથી, પણ આપણા એકંદર સ્વાસ્થ્ય, શારીરિક ઊર્જા અને માનસિક સ્વસ્થતાનો પાયો છે. આશા છે કે તમારા ગોલ્ડન ફ્રેન્ડની આ માહિતી તમને ઉપયોગી લાગી હશે!


# શરીરમાં હૃદય કેવી રીતે કામ કરે છે?

## કઈ ત્રણ રીતે હૃદય ધબકતું બંધ થાય ? તે જાણવા જેવું

રાજકોટ, તા.૨૧

હૃદય ખરેખર તો માંસપેશીઓનો બનેલો એક શક્તિશાળી પંપ (ડીળા) છે. આશ્ચર્યની વાત એ છે કે આપણું હૃદય એક દિવસમાં આશરે ૧ લાખ વખત ધબકે છે અને ક્યારેય આરામ કરતું નથી. હૃદયના મુખ્યત્વે ૪ ખંડો (Chambers) હોય છે, જે અશુદ્ધ લોહીને શુદ્ધ કરવાનું અને આખા શરીરમાં પહોંચાડવાનું કામ કરે છેઃજમણું કર્ણક (Right Atrium) અને જમણું ક્ષેપક (Right Ventricle): હૃદયનો જમણો ભાગ આખા શરીરમાંથી ઓક્સિજન વગરનું (કાર્બન ડાયોક્સાઈડ વાળું અશુદ્ધ) લોહી ભેગું કરે છે અને તેને શુદ્ધ થવા માટે ફેફસાં (Lungs) તરફ ધકેલે છે. ડાબું કર્ણક (Left Atrium) અને ડાબું ક્ષેપક (Left Ventricle): ફેફસાંમાં લોહીની અંદર નવો ઓક્સિજન ભળે છે. આ તાજું અને ઓક્સિજનયુક્ત શુદ્ધ લોહી હૃદયના ડાબા ભાગમાં આવે છે. અહીંથી હૃદય પૂરી તાકાતથી ધબકીને આ શુદ્ધ લોહીને આખા શરીરમાં પહોંચાડે છે. મહત્વની વાત એ છે કે હૃદયના વાલ્વ (Valves) એ સુનિશ્ચિત કરે છે કે લોહી માત્ર એક જ દિશામાં આગળ વધે અને પાછું ન ફરે.

લોકો ઘણીવાર બધી જ હૃદયની બીમારીઓને એક સમાન માની લે છે, પરંતુ હૃદય મુખ્યત્વે ત્રણ અલગ-અલગ કારણોસર કામ કરતું અટકી શકે છે. હાર્ટ એટેક (Heart Attack - પ્લમ્બિંગ પ્રોબ્લેમ): હૃદય આખા શરીરને લોહી પહોંચાડે છે, પણ હૃદયના પોતાના સ્નાયુઓને પણ જીવતા રહેવા માટે લોહી જોઈએ છે. આ લોહી



પહોંચાડતી નળીઓ (Coronary Arteries) માં જ્યારે કોલેસ્ટ્રોલ કે ચરબીને કારણે બ્લોકેજ થાય, ત્યારે હૃદયના સ્નાયુઓને લોહી મળતું બંધ થાય છે અને તે ભાગ મૃત્યુ પામે છે. આને હાર્ટ એટેક કહે છે.કાર્ડિયાક અરેસ્ટ (Cardiac Arrest - ઈલેક્ટ્રિકલ પ્રોબ્લેમ): હૃદયને ધબકવા માટે અંદર એક કુદરતી ઈલેક્ટ્રિકલ સિસ્ટમ હોય છે. જ્યારે આ સિસ્ટમમાં અચાનક શોર્ટ-સર્કિટ જેવી કોઈ ખામી સર્જાય, ત્યારે હૃદય અચાનક ધબકવાનું જ બંધ કરી દે છે અને માણસ બેભાન થઈ જાય છે. આ ખૂબ જ ઝડપી અને જીવલેણ સ્થિતિ છે.હાર્ટ ફેલ્યોર (Heart Failure - મશીન નબળું પડવું): આ કોઈ અચાનક થતી ઘટના નથી.

### હૃદયને સ્વસ્થ રાખવા માટે શું જરૂરી છે?

તમારું હૃદય એ તમારી જીવનરેખા છે. તેને લાંબા સમય સુધી યુવાન અને સ્વસ્થ રાખવા માટે નીચેની બાબતો પર ધ્યાન આપવું અત્યંત જરૂરી છે. પોષક આહારઃ ખોરાકમાં મીઠું (Sodium), ખાંડ અને તળેલી વસ્તુઓ ઓછી કરો. લીલા શાકભાજી, ફળો, અને આખા ધાન્યનો (Whole grains) ઉપયોગ વધારો જેથી ફાઈબર પૂરતા પ્રમાણમાં મળે.નિયમિત કસરતઃ હૃદય એક સ્નાયુ છે, અને કસરતથી તે મજબૂત બને છે. રોજ ઓછામાં ઓછું 30 થી ૪૦ મિનિટ ચાલવું (Walking), સાઈકલિંગ કે તરવું એ હૃદય માટે શ્રેષ્ઠ કસરત છે. વ્યસન મુક્તિઃ ધૂમ્રપાન (Smoking) અને તમાકુ હૃદયની નળીઓને સીધું નુકસાન પહોંચાડે છે અને લોહીને જાડું કરે છે. સ્વસ્થ હૃદય માટે વ્યસનથી ૧૦૦% દૂર રહેવું જોઈએ.તણાવ વ્યવસ્થાપન (Stress Management): વધુ પડતું ટેન્શન અને ગુસ્સો હૃદય પર સીધો લોડ વધારે છે અને બ્લડ પ્રેશર વધારે છે. પૂરતી ૭-૮ કલાકની ઊંઘ લો, યોગ અને ધ્યાન (Meditation) કરો.નિયમિત મેડિકલ ચેકઅપઃ ૩૫-૪૦ વર્ષની ઉંમર પછી દર વર્ષે બ્લડ પ્રેશર, કોલેસ્ટ્રોલ (લિપિડ પ્રોફાઈલ) અને ડાયાબિટીસની તપાસ કરાવવી ખૂબ જરૂરી છે જેથી કોઈ તકલીફ હોય તો શરૂઆતમાં જ પકડી શકાય.

# જેલને પ્રાયશ્ચિત ભવન, સુધારા ગૃહ સમજો : પટેલ

## ગુજરાતની જેલ વ્યવસ્થાને મળશે નવી શક્તિઃ જેલ પ્રભાગના રાજ્ય મંત્રી કમલેશ પટેલના હસ્તે ગાંધીનગરથી વર્ગ-૧ અને ૨ ના કુલ ૧૧ અધિકારીઓને નિમણૂકપત્રો એનાયત કરાયા





### નિમણૂક પામેલા અધિકારીઓ

અધિક્ષક, મધ્યસ્થ જેલ / પોરબંદર ખાસ જેલ, વર્ગ-૧માં અતુલકુમાર છગનભાઇ મકવાણા, કુ. ડિમ્પલ અર્જુનભાઈ પટેલ, ગૌતમકુમાર હરેશભાઇ વ્યાસ, સૌરભકુમાર લક્ષ્મણભાઇ રાઠોડ, શૈલેષકુમાર રમણલાલ સગર તેમજ જેલર ગ્રુપ-૧ (પુરુષ), વર્ગ-૨ માં પરેશભાઇ વશરામભાઇ ડાંગર, અનીશ હસન સુમરા, ડાહ્યાભાઇ મોડાભાઇ ડીઘારી, સાગરકુમાર ઓઘડભાઇ કલસરીયા, આર્યન કરશનભાઇ પટેલ તેમજ મેહુલભાઇ ચીકાભાઇ ધરજીયાનો સમાવેશ કરાયો છે.

ગાંધીનગર, તા.૨૧

વર્તમાન સમયમાં જેલ એ માત્ર સજા ભોગવવાનું સ્થળ નથી, પરંતુ એક 'પ્રાયશ્ચિત ભવન' અને સુધારા ગૃહ બન્યું છે. જ્યારે આપણે પૂરી પ્રામાણિકતાથી ફરજ નિભાવીએ છીએ, ત્યારે ઈશ્વર આપણા પરિવારની પણ ચિંતા કરે છે, તેમ જેલ પ્રભાગના રાજ્ય મંત્રી કમલેશ પટેલે વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓને નિમણૂક પત્ર એનાયત કાર્યક્રમમાં જણાવ્યું હતું.

ગૃહ વિભાગના જેલ પ્રભાગ હેઠળ નવી નિમણૂક મેળવનાર વર્ગ-૧ અને વર્ગ-૨ના કુલ ૧૧ અધિકારીઓને આજે સ્વર્ણિમ સંકૂલ, ગાંધીનગર ખાતે જેલ પ્રભાગના રાજ્ય મંત્રી કમલેશ પટેલ અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે નિમણૂકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે રાજ્ય મંત્રી કમલેશ પટેલે ભગવાન કૃષ્ણના 'કર્મયોગના સિદ્ધાંત'ને યાદ કરી નિમણૂક પામનાર અધિકારીઓને નિષ્ઠાપૂર્વક અને શ્રેષ્ઠ કામગીરી કરવા પ્રેરણા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, જેલમાં આવનાર દરેક વ્યક્તિ જન્મજાત ગુનેગાર કે ગુનાહિત માનસિકતા ધરાવતી નથી હોતી. ઘણીવાર ગુનેગારો સંજોગોવશાત પણ ગુના તરફ ધકેલાયા હોય છે. તેથી, આપણે માનવતા અને નિષ્ઠાપૂર્વક કામગીરી કરવી જોઈએ. માનસિક તંદુરસ્તી પર વિશેષ ભાર મૂકતાં મંત્રીએ કહ્યું કે, શારીરિક સ્વાસ્થ્ય માટે સરકાર પૂરતા આયોજન કરી રહી છે, પરંતુ જેલમાં આવતા કેદીઓની માનસિક તંદુરસ્તી જળવાઈ રહે તે પણ ખૂબ અનિવાર્ય છે. કેદીઓને માનસિક રીતે મજબૂત કરવા માટે સૌપ્રથમ જેલ અધિકારીઓ-કર્મચારીઓએ પોતે માનસિક રીતે પાવરફુલ અને મજબૂત બનવું પડશે. સાબરમતી જેલનું ઉદાહરણ આપતા તેમણે જણાવ્યું કે, ત્યાં કેદીઓ દ્વારા સુથારી કામ, ફર્નિચર બનાવવું અને ફૂડ પેકિંગ જેવા અનેક નાના-મોટા ઉદ્યોગો સફળતાપૂર્વક ચાલી રહ્યા છે. આ વ્યવસાયિક તાલીમથી કેદીઓ બહાર જઈને પણ આત્મનિર્ભર થઈ શકશે. આ ઉપરાંત જેલમાં રહેલી મહિલાઓ અને જો તેમની સાથે માસૂમ બાળક હોય તો તેના પ્રત્યે ખાસ માનવતાવાદી અને સંવેદનશીલ અભિગમ અપનાવવો જોઈએ. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા જેલ તંત્રને વધુ સશક્ત, આધુનિક અને કાર્યક્ષમ બનાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. નવી નિમણૂંક પામનાર અધિકારીઓ જોડવવાથી જેલ વહીવટ, સુરક્ષા વ્યવસ્થા અને સુધારાત્મક સેવાઓને વધુ ગતિ મળશે, તેમ તેમણે ઉમેર્યું હતું. રાજ્ય મંત્રી પટેલે જણાવાયું હતું કે, ગુજરાતમાં જ્યાં પણ તમારું પોસ્ટિંગ થાય, ત્યાં જેલ સુધારણાના એવા શ્રેષ્ઠ કાર્યો કરો કે સમગ્ર દેશમાં ગુજરાતની જેલો અને આપણા વિભાગની નોંધ લેવાની સાથે ગૌરવ વધે. આ પ્રસંગે અગ્ર સચિવ(ગૃહ) નિપુણા તોરવણે, ગૃહ વિભાગ અને જેલ પ્રભાગના વરિષ્ઠ અધિકારીઓ અને નવી નિમણૂંક પામનાર અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી

## ૧૭૦થી વધુ નાગરિકોએ કર્યો સામૂહિક યોગાભ્યાસ : આયુષ ડાયરેક્ટર વૈદ્ય જયેશભાઈ પરમાર અને કોર્પોરેટર જયસુખભાઈ કાથરોટીયાની વિશેષ ઉપસ્થિતિ



રાજકોટ, તા.૨૧

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે રાજકોટ શહેરની સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે ૧૨મા વિશ્વ યોગ દિવસની ભવ્ય અને આરોગ્યપ્રદ ઉજવણી કરવામાં આવી હતી. હોસ્પિટલ પરિસરમાં આયોજિત આ વિશેષ યોગાભ્યાસ કાર્યક્રમમાં આશરે ૧૭૦થી વધુ ઉત્સાહી નાગરિકો, દર્દીઓ અને યોગ શિબિરાર્થીઓએ હોંશે-હોંશે ભાગ લીધો હતો. આ અવસરે ઉપસ્થિત સૌ લોકોને આજના આધુનિક સમયમાં સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે યોગની અનિવાર્યતા અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. સરકારી આયુર્વેદ હોસ્પિટલના યોગા અને વેલનેસ સેન્ટરના કુશળ યોગ ટ્રેનર તૃપ્તિબેન દ્વારા આ પ્રસંગે ઉપસ્થિત તમામ શિબિરાર્થીઓને નિયત 'કોમન યોગા પ્રોટોકોલ' અનુસાર વિવિધ પ્રકારના આસનો, પ્રાણાયામ અને ધ્યાનની સચોટ ક્રિયાઓ કરાવવામાં આવી હતી.

યોગ ટ્રેનરે આજના સમયની બગડતી જીવનશૈલીને કારણે થતા વિવિધ 'લાઈફ સ્ટાઈલ ડિસઓર્ડર' (રોગો) સામે લડવામાં અને શરીરને નિરોગી રાખવામાં યોગની સાચી ઉપયોગીતા તથા તેના વૈજ્ઞાનિક મહત્વ વિશે સરળ સમજ આપી હતી. આ વિશિષ્ટ ઉજવણી દરમિયાન હોસ્પિટલના યોગ સેન્ટરના નિયમિત શિબિરાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારની અદભુત અને કઠિન યોગ કૃતિઓ પણ સફળતાપૂર્વક રજૂ કરવામાં આવી હતી, જેને હાજર રહેલા સૌ મહાનુભાવોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના આયુષ ડાયરેક્ટર અને રાજકોટ આયુર્વેદ હોસ્પિટલના પૂર્વ વડા વૈદ્ય જયેશભાઈ પરમાર તેમજ રાજકોટના સ્થાનિક કોર્પોરેટર જયસુખભાઈ કાથરોટીયા ખાસ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આયુષ ડાયરેક્ટર વૈદ્ય જયેશભાઈ પરમાર દ્વારા શિબિરાર્થીઓને સંબોધિત કરવામાં આવ્યા હતા. તેમણે માનવ જીવનમાં ઉત્કૃષ્ટ સ્વાસ્થ્ય મેળવવા તથા દીર્ઘાયુ પ્રાપ્ત કરવા માટે રોજિંદા જીવનમાં યોગને વણી લેવા અંગે અત્યંત પ્રેરણારૂપ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સમગ્ર સફળ આયોજન અને કાર્યક્રમનું ઉત્કૃષ્ટ સંચાલન રાજકોટ આયુર્વેદિક હોસ્પિટલના વડા વૈદ્ય ચૈતાલીબેન પરમાર તથા તેમની હોસ્પિટલના તબીબો અને સ્ટાફની સમગ્ર ટીમ દ્વારા ખૂબ જ વ્યવસ્થિત અને શિસ્તબદ્ધ રીતે કરવામાં આવ્યું હતું. આ ભવ્ય આયોજનના અંતે યોગાભ્યાસ કરીને આવેલા તમામ ઉત્સાહી નાગરિકો અને શિબિરાર્થીઓ માટે હોસ્પિટલ તંત્ર દ્વારા ખાસ તૈયાર કરવામાં આવેલા 'હેલ્ધી એનર્જી ડ્રિંક'ના વિતરણનો લાભ આપવામાં આવ્યો હતો.

### ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ખાતે યોગ દિવસની નાણા રાજ્ય મંત્રી કમલેશ પટેલની ઉપસ્થિતિમાં ઉજવણી

# શરીર-મગજ માટે 'યોગ' પાવરફુલ ચાર્જર : નાણા મંત્રી

ગાંધીનગર, તા.૨૧

આજે સમગ્ર વિશ્વની સાથે ગાંધીનગરમાં પણ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય અને ઉત્સાહપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે નાણા રાજ્ય મંત્રી કમલેશ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં ''ઢજ્ઞલફ રજ્ઞિ ઈયફહવિું અલયશક્ષલ'' -સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ થીમ પર એક વિશેષ યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિશ્વ યોગ દિવસની શુભેચ્છાઓ પાઠવતા નાણા રાજ્ય મંત્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર-ંઘ સમક્ષ મૂકેલા પ્રસ્તાવ બાદ આજે યોગ માત્ર એક સામાન્ય કસરત નથી રહ્યો, પરંતુ એક વૈશ્વિક જીવનશૈલી -ગ્લોબલ લાઈફસ્ટાઈલ બની ચૂક્યો છે. હેલ્થ ઈન્સ્યોરન્સ એ બીમાર પડ્યા પછી હોસ્પિટલના બિલની ચૂકવણી માટે છે, જ્યારે યોગ એ બીમારીને દૂર રાખવાનું રોજનું 'પ્રીમિયમ' છે. જો તમે રોજ સવારે નિયમિત ૨૦ મિનિટ યોગનું આ 'પ્રીમિયમ' ભરશો, તો તમારું શરીર આજીવન 'હેલ્થ ક્લેઇમ' આપતું રહેશે.

મંત્રીએ ઘરકામ અને પારિવારિક જવાબદારીઓ વચ્ચે વ્યસ્ત રહેતી મહિલાઓ માટે એક અનોખો 'આઉટ ઓફ ધ બોક્સ' વિચાર રજૂ કરતા જણાવ્યું કે, મહિલાઓ માટે પોતાના માટે અલગથી સમય કાઢવો મુશ્કેલ હોય છે, પરંતુ તેઓ રોજિંદા કામની વચ્ચે મળતી નાની-નાની ક્ષણોનો પણ સ્માર્ટ ઉપયોગ કરી શકે છે. જેમ કે, રસોડામાં કામ કરતી વખતે થોડી ક્ષણો માટે 'તાડાસન' કરવું, કુકરની સીટી વાગે એટલી વારમાં ૧૦ વાર 'પ્રાણાયામ' કરી લેવા, અથવા વાસણ સાફ કર્યા પછી થોડું 'સ્ટ્રેચિંગ' કરી લેવું. આ નાના-નાના પ્રયાસો મહિલાઓના સ્વાસ્થ્યને ઉત્તમ રાખશે.

તેમણે એક સરસ ઉદાહરણ આપતા ઉમેર્યું કે, જેમ સ્માર્ટફોનને રોજ ચાર્જ કરવો પડે છે, તેમ આપણા શરીર અને મગજને રિચાર્જ કરવા માટે 'યોગ' એ પાવરફુલ ચાર્જર છે. ભલે બાહ્ય દુનિયાનું વાઇ-ફાઇ બંધ હોય, પરંતુ યોગના માધ્યમથી આપણા અંતરાત્મા એટલે કે 'ઇનર-ફાઇ' સાથે કનેક્ટ થવું આજે અનિવાર્ય છે.'' વધુમાં, તેમણે પ્રાણાયામને ફેફસાં અને લોહીને કુદરતી રીતે ડિટોક્સ કરતી એક એવી 'મફત ટેકનોલોજી' ગણાવી, જેના માટે મોંઘી દવાઓ કે વિદેશી પ્રોડક્ટ્સની કોઈ જરૂર નથી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ 'ગુજરાત રાજ્ય યોગ બોર્ડ' ના માધ્યમથી યોગને રાજ્યના પ્રત્યેક ઘર અને ગામ સુધી પહોંચાડવા માટે સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે.



### ગુજરાત લોકભવનમાં રામકથાનો પ્રારંભ

# શ્રીરામનું જીવન, જીવવાની કળા : રાજ્યપાલ

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગર સ્થિત ગુજરાત લોકભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ ગુજરાત લોકભવનના ઇતિહાસમાં પ્રથમ વખત રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક અને સાંસ્કૃતિક મહોત્સવના પ્રથમ દિવસે સુપ્રસિદ્ધ કથાવાચક આચાર્ય કુલદીપજી મહારાજ દ્વારા રામકથાનું મહત્વ, તેની પૃષ્ઠભૂમિ અને પ્રભુ રામના આદર્શ વ્યક્તિત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, મર્યાદા પુરુષોત્તમ રામનું જીવન માત્ર શ્રદ્ધા કે નમન કરવા પૂરતું સીમિત નથી. તેમનું જીવન એ જીવન જીવવાની કળા છે. એક આદર્શ પુત્ર, આદર્શ ભાઈ, આદર્શ પતિ અને આદર્શ રાષ્ટ્રસેવક રાજા કેવા હોવા જોઈએ, તે રામાયણના વિવિધ પ્રસંગોમાંથી શીખવા મળે છે. રામકથા ફક્ત સાંભળવા ખાતર નહીં, પરંતુ તેને જીવનમાં ઉતારવાથી જીવનની વ્યસ્થાઓ દૂર થતી હોવાનું જણાવી રાજ્યપાલએ ઉપસ્થિત જનમેદનીને આ કથાનો લાભ લેવા અને તેમાંથી જીવનઘડતરની પ્રેરણા મેળવવા અનુરોધ કર્યો હતો.

રાજ્યપાલએ આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર માનતા તેમની કાર્યશૈલીની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતુ કે, અત્યંત વ્યસ્ત હોવા છતાં મુખ્યમંત્રી સતત જનસેવા માટે કાર્યરત રહે છે. તાજેતરમાં જ ટ્રેન પ્રવાસ કરી એક ગામની શાળામાં રાત્રિ રોકાણ કરવું અને અનુસૂચિત જાતિ પરિવારના આંગણે ભોજન લેવું એ તેમની સાદગી અને જનતા પ્રત્યેના લગાવનું ઉત્તમ ઉદાહરણ છે.

રાજ્યપાલએ સુપ્રસિદ્ધ કથાવાચક આચાર્ય કુલદીપજી મહારાજનું સ્વાગત કર્યું હતું. તેમણે આચાર્યના પરિવારની પ્રશંસા કરતા કહ્યું કે, તેઓ પોતાના સમગ્ર પરિવાર સાથે ભારતીય સંસ્કૃતિ અને વૈદિક પરંપરાને આગળ વધારવાનું જે પુનિત કાર્ય કરી રહ્યા છે, તે અત્યંત અભિનંદનીય છે. આ કથા આગામી તારીખ ૨૮ જૂન સુધી પ્રતિદિન યોજાશે, જે અમૃત વર્ષા સમાન બની રહેશે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ

આ પ્રસંગે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલ રાજપૂત, ધારાસભ્ય બાબુભાઈ પટેલ, પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ હર્ષદભાઈ પટેલ, પદાધિકારીઓ, જિલ્લા પ્રશાસનના અધિકારીઓ, લોકભવન પરિવારના સભ્યો તથા મોટી સંખ્યામાં નગરજનોએ ઉપસ્થિત રહી આસ્થા અને ઉત્સાહ સાથે કથાનો રસપાન કર્યો હતો.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# વીજ પોલ પોલમપોલ

## માત્ર પવનમાં થાંભલા ઉડ્યા, વીજ તંત્ર તપાસનો વિષય



હજુ ચોમાસાનો વિધિવત પ્રારંભ થયો નથી. આકાશમાં માત્ર વરસાદનો સામાન્ય માહોલ છવાયો છે. અમુક સ્થાને સામાન્ય પવન સાથે હળવા ઝાપટાં પડ્યા છે. લોકો હજુ ચોમાસાના આગમનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. જો કે, તંત્રની ઘોર બેદરકારીના કારણે ચોમાસાની હોનારતનો પ્રારંભ વહેલો થઈ ગયો છે. રાજકોટના સનાળી ગામથી ચિંતાજનક સમાચાર આવ્યા છે. ત્યાં માત્ર સામાન્ય પવનના કારણે ચાર વીજપોલ ધરાશયી થઈ ગયા. આ અકસ્માતને લીધે આખા વિસ્તારમાં કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. સ્થાનિક લોકો કલાકો સુધી અંધારપટમાં જીવવા મજબૂર બન્યા હતા.

મીડિયામાં આ ઘટનાને એક સામાન્ય સમાચાર તરીકે સ્થાન અપાયું છે. પરંતુ વાસ્તવમાં આ કોઈ સામાન્ય ઘટના નથી. સનાળી ગામમાં કે તેની આસપાસ ક્યાંય વાવાઝોડા જેવા તોફાની પવન ફૂંકાયા નથી. ભારે વરસાદ પણ આવ્યો નથી. ત્યાં માત્ર સામાન્ય કરતા થોડો વધારે પવન હશે. આટલા અમથા પવનમાં સાગમટે ચાર-ચાર વીજપોલ ધરાશાયી થઈ જાય એ બિલકુલ સામાન્ય બાબત નથી. વીજ પોલ લગાવવાની કામગીરીમાં મોટા પાયે પોલમપોલ ચાલી હોવાનો આ સ્પષ્ટ પુરાવો છે.

દર વર્ષે ચોમાસામાં વીજપોલ ફૂંકાઈ જવાની અને ધરાશાયી થવાની ઘટનાઓ ચારે બાજુ બને છે. જો તીવ્ર વાવાઝોડું હોય તો કુદરતી આપત્તિ સમજીને આ બાબત સ્વીકારી શકાય. પણ માત્ર સામાન્ય પવનમાં લોખંડ કે સિમેન્ટના મજબૂત પોલ પડી જાય એ માનવીય નાલાયકી અને ભ્રષ્ટાચારની પરાકાષ્ઠા છે. આ ઘટના સાબિત કરે છે કે નિયમ પ્રમાણે પોલ જમીનમાં ઊંડે સુધી ફીટ કરવામાં આવતા નથી. તેનો બેઝ મજબૂત ન હોવાથી તે સામાન્ય પવન પણ સહન કરી શકતા નથી. તંત્ર પ્રી-મોન્સૂન કામગીરીના નામે માત્ર કાગળ પર જ મોટા ખર્ચાઓ બતાવે છે. આવી ગુનાહિત બેદરકારી ભવિષ્યમાં કોઈ મોટો અકસ્માત સર્જી શકે છે. જો જીવતા વીજ વાયર સાથે આ ભારે પોલ કોઈ વ્યસ્ત રસ્તા, વાહન કે મકાન પર પડે તો મોટી જાનહાનિ થઈ શકે છે. તંત્રની આ આળસ કે કૌભાંડને લીધે નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મૂકાય છે. તેથી, સૌરાષ્ટ્રભરમાં વીજ પોલની ગુણવત્તા અંગે તત્કાળ ઉચ્ચ સ્તરીય તપાસના આદેશો આપવા જરૂરી છે.

આ કામગીરીમાં થયેલું આખું કૌભાંડ ખુલ્લું કરીને ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો અને જવાબદાર અધિકારીઓને સળિયા ગણતા કરી દેવા જોઈએ. તમામ જોખમી વીજ પોલ નવેસરથી કોંક્રિટના મજબૂત ચોસલા સાથે ફીટ થવા જોઈએ જેથી જનજીવન સુરક્ષિત રહે.

### વૈશ્વિક તણાવમાં ઘટાડોઃ શું હવે તમારી લોનનો EMI ઘટશે?

# રેપો રેટ યથાવત રહેવાની ધારણા

## 'વેઈટ એન્ડ વોચ'ની નીતિઃ રેપો રેટ ૫.૨૫ ટકા પર સ્થિર રહેવાની પ્રબળ શક્યતા

નવીદિલ્હી,તા.૨૧

વૈશ્વિક સ્તરે ચાલી રહેલા ભૌગોલિક અને રાજકીય તણાવમાં ઘટાડો થવાથી સામાન્ય માણસને એક આશા જાગી છે કે શું હવે તેમની બેંક લોનના EMI ઘટશે? રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ની આગામી મોનેટરી પોલિસીની બેઠક પર સૌની નજર ટકેલી છે. એક લેટેસ્ટ રિપોર્ટ અનુસાર, વૈશ્વિક અનિશ્ચિતતા ઓછી થવાના કારણે નીતિ નિર્માતાઓ હવે ડેટા આધારિત નિર્ણયો લેવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકશે, જેનાથી આગામી સમયમાં વ્યાજદરો અંગે ચિત્ર વધુ સ્પષ્ટ થશે.

હાલની આર્થિક પરિસ્થિતિઓ જોતા એવું સ્પષ્ટ લાગી રહ્યું છે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) આગામી મોનેટરી પોલિસી બેઠકોમાં ઉતાવળિયો નિર્ણય લેવાને બદલે નવેઇટ એન્ડ વોચથ (રાહ જુઓ અને પરિસ્થિતિનું નિરીક્ષણ કરો) ની નીતિ અપનાવશે. નિષ્ણાતોના મતે, છ્ઈઈ હાલમાં રેપો રેટમાં કોઈ ઘટાડો કે વધારો કર્યા વિના તેને ૫.૨૫% પર યથાવત રાખે તેવી પૂરેપૂરી શક્યતા છે. વૈશ્વિક ભૌગોલિક રાજકીય તણાવ ઘટવાથી અર્થતંત્રમાં અનિશ્ચિતતાનો માહોલ ઓછો થયો છે, જે સેન્ટ્રલ બેંકને આર્થિક આંકડાઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાની તક પૂરી પાડશે.

BofA સિક્યોરિટીઝના તાજેતરના વિશ્લેષણ મુજબ, અમેરિકા અને ઈરાન વચ્ચેના શાંતિ કરારની વૈશ્વિક બજાર પર ખૂબ હકારાત્મક અસર જોવા મળી રહી છે. આ કરારથી વૈશ્વિક અનિશ્ચિતતા મહદઅંશે શાંત થઈ છે. અગાઉ યુદ્ધની સ્થિતિના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઉછાળો આવવાની દહેશત હતી, પરંતુ હવે સ્થિતિ નિયંત્રણમાં છે. આ શાંતિના કારણે રિઝર્વ બેંકને ક્રૂડ ઓઈલની અસ્થિર કિંમતો પર તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપવાની જરૂર નહીં પડે, અને તેઓ શાંતિથી દેશના આંતરિક આર્થિક ડેટાના આધારે લાંબા ગાળાના નિર્ણયો લઈ શકશે.રિપોર્ટમાં જણાવાયું છે કે વ્યાજદરમાં (EMI માં) ઘટાડો કરતા પહેલા રિઝર્વ બેંક મુખ્યત્વે નીચે મુજબના પરિબળો પર સતત નજર રાખશે. દેશમાં ખેતી અને અર્થતંત્ર માટે સારું ચોમાસું ખૂબ જરૂરી છે. ચોમાસાની સ્થિતિ કેવી રહે છે તેના પર ગ્રામીણ અર્થતંત્રનો આધાર છે. શાકભાજી અને અનાજના ભાવ સામાન્ય માણસના બજેટને સીધી અસર કરે છે, તેથી ખાદ્યપદાર્થોના ફુગાવાને કાબૂમાં રાખવો એ પ્રાથમિકતા રહેશે. આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની કિંમતો દેશના ઈમ્પોર્ટ બિલ અને ટ્રાન્સપોર્ટેશન ખર્ચને સીધી અસર કરે છે.

આ તમામ વૈશ્વિક આર્થિક વાતાવરણ અને ભૌગોલિક રાજકીય સ્થિતિઓને ધ્યાનમાં રાખીને જ, RBI એ જૂન મહિનાની MPC (Monetary Policy Committee) ની બેઠકમાં સર્વસંમતિથી રેપો રેટ ૫.૨૫% પર જાળવી રાખ્યો હતો અને પોતાનું નીતિગત વલણ તદ્દન તટસ્થ રાખ્યું હતું.




### આંતરિક ફુગાવો નિયંત્રણમાંઃ આગામી નીતિમાં કોઈ કડક વલણ નહીં

જો કે, રાહતની વાત એ છે કે રિપોર્ટ મુજબ પોલિસી મેકર્સે એ બાબતની પણ નોંધ લીધી છે કે દેશની અંદરનો આંતરિક ફુગાવો હાલ મહદઅંશે નિયંત્રણમાં છે. વ્યાપક સ્તરે અર્થતંત્ર પર તેની કોઈ તાત્કાલિક નકારાત્મક અસરો દેખાતી નથી. આર્થિક ઉતાર-ચઢાવ વચ્ચે આંતરિક ફુગાવો મર્યાદિત રહ્યો હોવાથી, આગામી સમયમાં ઉતાવળ કરવાને બદલે પઆંકડાઓ આધારિત અભિગમથ અપનાવવો એ જ સૌથી યોગ્ય પગલું રહેશે.રિપોર્ટમાં ખાસ ટાંકવામાં આવ્યું છે કે જૂન મહિનાના આર્થિક નિષ્ણાતોના પડોવ-હોક મીટરથ અનુસાર ખઙ્ઈ હજુ પણ પતટસ્થથ થી લઈને પમધ્યમ સ્તરે નરમથ ઝોનમાં છે. આ દર્શાવે છે કે એપ્રિલની બેઠક પછી રિઝર્વ બેંકની નીતિમાં કોઈ વધુ પડતા કડક વલણ તરફ મોટો બદલાવ આવ્યો નથી.વૈશ્વિક શાંતિથી આશાનું કિરણ ચોક્કસ દેખાયું છે, પરંતુ જ્યાં સુધી દેશમાં મોંઘવારી સંપૂર્ણ કાબૂમાં ન આવે અને ચોમાસાનું ચિત્ર સ્પષ્ટ ન થાય, ત્યાં સુધી લોન ધારકોને ઊખઈ માં મોટા ઘટાડા માટે હજુ થોડી વધુ રાહ જોવી પડી શકે છે.

### GDP ગ્રોથ અને ફુગાવાના નવા અંદાજોઃ આંકડાઓમાં શું ફેરફાર થયો?

સેન્ટ્રલ બેંકે બદલાતી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને તેના મેક્રોઇકોનોમિક (વ્યાપક આર્થિક) અનુમાનોમાં કેટલાક મહત્વના સુધારા કર્યા છે. હવામાન સંબંધિત જોખમો અને ખાદ્ય ચીજોના ભાવોની અનિશ્ચિતતાને ટાંકીને, RBI એ નાણાકીય વર્ષ ૨૦૨૭ (FY27) માટે પોતાના GDP ગ્રોથ રેટના અંદાજમાં ૩૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે. નવો અંદાજ હવે ૬.૬% રાખવામાં આવ્યો છે. મોંઘવારીને લગતા જોખમોને ધ્યાનમાં રાખીને ફુગાવાના અંદાજમાં ૫૦ બેસિસ પોઈન્ટનો વધારો કરીને તેને ૫.૧% કરવામાં આવ્યો છે.MPC ની બેઠકના રિપોર્ટ સ્પષ્ટપણે દર્શાવે છે કે સમિતિના તમામ સભ્યોએ વધતા ફુગાવાના જોખમો અને અસ્થિર આર્થિક પૃષ્ઠભૂમિનો સર્વસંમતિથી સ્વીકાર કર્યો છે.

### વડાપ્રધાનની અભૂતપૂર્વ સંવેદનશીલતા

# Re-NEETના વિદ્યાર્થીઓ માટે VIP પ્રોટોકોલ કોરાણે મૂક્યો

નવી દિલ્હી, તા.૨૧

દેશભરમાં આજે લાખો વિદ્યાર્થીઓ પોતાનું ભવિષ્ય ઘડવા માટે Re-NEET ની પરીક્ષા આપી રહ્યા છે, ત્યારે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો એક અત્યંત પ્રેરણાદાયક અને હૃદયસ્પર્શી નિર્ણય સામે આવ્યો છે. આ ઘટના ફરી એકવાર સાબિત કરે છે કે વડાપ્રધાન માટે દેશના યુવાનો અને તેમનું ભવિષ્ય જ સર્વોપરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, બંગાળના પ્રવાસ બાદ પીએમ મોદી આજે બપોરે ૧:૧૫ વાગ્યે દિલ્હી એરપોર્ટ પર પહોંચ્યા હતા. સામાન્ય રીતે દેશના વડાપ્રધાનના કાફલાની અવરજવર વખતે સુરક્ષાના કારણોસર ટ્રાફિક રોકવામાં આવતો હોય છે, પરંતુ પીએમ મોદીના ધ્યાનમાં હતું કે બપોરે ૨:૦૦ વાગ્યે NEET ની પરીક્ષા શરૂ થવાની છે અને આ સમયે હજારો વિદ્યાર્થીઓ રસ્તા પરથી પસાર થઈને પોતાના પરીક્ષા કેન્દ્રો તરફ જઈ રહ્યા હશે.

આવી મહત્વપૂર્ણ ઘડીએ વિદ્યાર્થીઓને જરા પણ અગવડ ન પડે અને તેઓ ટ્રાફિક જામમાં ફસાયા વિના સમયસર અને તણાવમુક્ત થઈને પોતાના સેન્ટર પર પહોંચી શકે તે હેતુથી, વડાપ્રધાને એક અત્યંત પ્રશંસનીય પગલું ભર્યું. તેમણે પોતાના નિવાસસ્થાને જવાનું રોકીને દિલ્હી એરપોર્ટ પર જ ૪૫ મિનિટ સુધી રાહ જોવાનું પસંદ કર્યું. બપોરે ૨:૦૦ વાગ્યે જ્યારે તમામ વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ રીતે પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશી ગયા અને પરીક્ષા શરૂ થઈ ગઈ, ત્યારબાદ જ વડાપ્રધાને એરપોર્ટથી પોતાના નિવાસસ્થાન તરફ પ્રસ્થાન કર્યું. એક દેશના સર્વોચ્ચ નેતા દ્વારા સામાન્ય વિદ્યાર્થીઓના હિત માટે પોતાના કિંમતી સમય અને ટઈંઙ પ્રોટોકોલને બાજુ પર મૂકવાની આ પહેલ ખરેખર અદ્વિતીય છે.

અત્રે નોંધનીય છે કે, અગાઉ ૩ મેના રોજ ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓએ NEET ની પરીક્ષા આપી હતી, પરંતુ પેપર લીકની આશંકાઓ અને વિવાદો બાદ તેને રદ કરીને આજે ફરીથી લેવામાં આવી રહી છે. આ પરીક્ષા પારદર્શક રીતે પૂર્ણ થાય તે માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા યુદ્ધના ધોરણે તૈયારીઓ કરવામાં આવી છે. તમામ એક્ઝામ સેન્ટર્સ પર પેરામિલિટ્રી ફોર્સથી લઈને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત છે અને સોશિયલ મીડિયા પર પણ બાજ નજર રાખવામાં આવી રહી છે. આવા કડક સુરક્ષા માહોલ અને વિદ્યાર્થીઓના માનસિક તણાવ વચ્ચે, દેશના પ્રધાન સેવક દ્વારા દાખવવામાં આવેલી આ સહાનુભૂતિએ લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓના દિલ જીતી લીધા છે. વડાપ્રધાનનો આ નિર્ણય સ્પષ્ટ સંદેશ આપે છે કે 'નવા ભારત'માં VIP કલ્ચર કરતાં દેશના ભવિષ્ય સમાન વિદ્યાર્થીઓની સગવડ વધુ પ્રાધાન્ય ધરાવે છે.



વિદ્યાર્થીઓને ટ્રાફિક ન નડે તે માટે પ્રધાનમંત્રી ૪૫ મિનિટ સુધી દિલ્હી એરપોર્ટ પર જ રોકાઈ રહ્યા, દેશભરમાં થઈ રહી છે ભારે પ્રશંસા

### ખેડૂતો માટે ખુશખબર, વડાપ્રધાન દ્વારા...

# કિસાન સન્માન નિધિના ૧૮,૮૮૦ કરોડ ટ્રાન્સફર

## બંગાળને આપી અનેક વિકાસ કાર્યોની ભેટ



કોલકાતા, તા.૨૧

દેશના અન્નદાતાઓ માટે શનિવારનો દિવસ એક મોટી ખુશખબરી લઈને આવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના પ્રવાસ દરમિયાન ખેડૂતોના હિતમાં મહત્વનું પગલું ભરતાં 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ' (ઙખ-ઊશતફક્ષ) યોજનાનો ૨૩મો હપ્તો રિલીઝ કર્યો છે. આ હપ્તા અંતર્ગત દેશભરના ૯.૪૪ કરોડથી વધુ ખેડૂતોના બેન્ક ખાતામાં સીધા જ કુલ રૂ. ૧૮,૮૮૦ કરોડ ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પશ્ચિમ બંગાળ દિવસ અને ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના મુખ્ય કાર્યક્રમમાં ભાગ લેવા માટે બંગાળના બે દિવસીય પ્રવાસે પહોંચ્યા છે. આ પ્રવાસ દરમિયાન તેમણે શનિવારે હુગલી જિલ્લાના તારકેશ્રૂરમાં આયોજિત પશ્ચિમ બંગાળ દિવસ સમારંભમાં હાજરી આપી હતી. ખેડૂતોને કિસાન સન્માન નિધિની ભેટ આપવાની સાથે સાથે પીએમ મોદીએ બંગાળમાં રેલવે, કૃષિ, ગ્રામીણ વિકાસ, મત્સ્ય પાલન અને પશુપાલન ક્ષેત્રને લગતા વિવિધ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સનું ઉદ્દઘાટન અને શિલાન્યાસ પણ કર્યો હતો. પશ્ચિમ બંગાળમાં સત્તા પરિવર્તન બાદ નવી બનેલી ભાજપ સરકારે પહેલીવાર ૨૦મી જૂનના રોજ અત્યંત ભવ્ય રીતે 'રાજ્ય સ્થાપના દિવસ'ની ઉજવણી કરી હતી. આ ઐતિહાસિક અવસરે વડાપ્રધાન મોદીએ તારકેશ્રૂરમાં જનસંઘના સંસ્થાપક ડો. શ્યામા પ્રસાદ મુખરજીની ૧૨૫મી જન્મજયંતિના ઉપલક્ષ્યમાં એક ભવ્ય આયોજનમાં ભાગ લીધો હતો. અહીં તેમણે રાજ્ય સરકાર દ્વારા નિર્માણ પામનાર ડો. મુખરજીની ૧૨૫ ફૂટ ઊંચી વિશાળ પ્રતિમાની સ્થાપના માટે ભૂમિપૂજન કર્યું હતું. આ પ્રતિમા આવનારા સમયમાં બંગાળ માટે એક મોટું પ્રેરણાસ્થળ બની રહેશે. કિસાન સન્માન નિધિના હપ્તા ઉપરાંત બંગાળના ખેડૂતોને વધુ એક સુરક્ષા કવચ પૂરું પાડતા વડાપ્રધાન મોદીએ રાજ્યમાં 'પ્રધાનમંત્રી પાક વીમા યોજના'ની પણ વિધિવત શરૂઆત કરાવી છે. આ શુભારંભ સાથે જ હવે પશ્ચિમ બંગાળના ખેડૂતો પણ વિશ્વની આ સૌથી મોટી પાક વીમા યોજનાનો સીધો લાભ મેળવી શકશે અને કુદરતી આફતો સમયે તેમના પાકને આર્થિક સુરક્ષા મળશે.

### શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## ધર્મરાજ યુધિષ્ઠિરનાં ચરિત્ર પરથી ધર્મ એવંમ સત્યનાં લેખાંજોખાં કરીએ!



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સાંપ્રત સમયનો સમાજ ઘણાં બધાં સવાલોનાં જવાબ શોધી રહ્યો છે! અને એમાં ખાસ કરીને ધર્મ વિશે!: સાચો ધર્મ ક્યો? અને એમાં શું કરવાનું હોય! અથવા તો એને અનુસરવાથી શું સાચે જીવન પ્રસન્નતાનો પમરાટ અનુભવે! કોણે નક્કી કર્યો આ ધર્મને? અને એની મુખ્ય ધરોહર શું છે? કારણ કે સંપ્રદાયોના રાફડા ફાટી નીકળ્યાં હોય એમ સમાજમાં ધર્મ અને એનાં અનુયાયીઓનું વર્ચસ્વ વધતું જાય છે. આશ્રમો મહંતો, અને ઠગ સાધુઓની બોલબાલા હોય એમ ધર્મએ અત્યારે વ્યક્તિ પૂજાનું સ્વરૂપ ધારણ કરી લીધું છે! એટલે એવું પણ નથી કે સાચાં સાધુ સંતોની કમી છે! પણ સમાજમાં સૌથી વધુ કોઈ બાબતે દેખાડો હોય તો એ ધર્મ અને ધાર્મિક કહેવડાવવા માટેનો છે! એ પણ એક નિતાંત સત્ય છે. ધર્મ એ વોટ બેંકનો સૌથી મોટો વાવટો પણ છે, અને દેશમાં અને દેશ બહારના કોમી રમખાણ પણ આ ધર્મ નામનાં કોયડાને ન સમજી શકવાને કારણે થાય છે.સ્ત્રસ્ત્રનો ડાઉટસ્ત્રસ્ત્ર હિન્દુ સનાતન સંસ્કૃતિની વિશ્વભરમાં પોતાની એક આગવી ઓળખ છે, પરંતુ એને કારણે જ ધર્મમાં અંધશ્રદ્ધા અને રુઢિચુસ્તતા પણ પ્રવેશી છે, એ સત્ય પણ નકારી શકાય એમ નથી! ભલે વ્યક્તિનાં પોતાનાં વિચારોની પરિપક્વતા પણ એમાં મહત્વનો ફાળો ભજવે છે. આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખ! અને હમણાં આપણે મહાભારતનાં ચરિત્ર પર ચિંતન કરી રહ્યા છીએ! તો પાંડવોનાં જ્યેષ્ઠ ભ્રાતા એવાં યુધિષ્ઠિર કે જેની આગળ ધર્મરાજ લાગે છે, એની પર ચિંતન કરીશું.

યુધિષ્ઠિર હસ્તિનાપુરના રાજા વિચિત્ર વીર્યનાં પુત્ર પાડું અને એમની પત્ની કુંતીના જ્યેષ્ઠ પુત્ર હતાં! કુંતી એ પ્રથમ યમ (ધર્મ)ને પુત્ર માટે આહવાન કર્યું, આથી એ ધર્મનાં પુત્ર તેમજ ધર્મ પ્રત્યેની એમની નિષ્ઠાને કારણે ધર્મરાજ કહેવાયા. રાજા પાડુંને શ્રાપ હતો, અને એનાં પશ્ચાતાપ માટે એણે વનગમન કર્યું હતું. એટલે પાંચેય પાંડવોનો જન્મ તથા ઉછેર વનમાં થયો! પરંતુ પિતામહ ભીષ્મે વનમાંથી કુંતી તથા પાંડવોને શોધવાનું કાર્ય વિદૂરને સોંપ્યું! અને એ રીતે પાંચ પાંડવો હસ્તિનાપુર આવ્યાં!

યુધિષ્ઠિરનું નિશાન અચૂક હતું અને તેઓ ભાલા ચલાવવામાં નિપુણ હતાં. પરંતુ ધૃત ક્રિડા તેની કમજોરી હતી અને એટલે શકુનીના કાવતરાને કારણે તેઓ દુર્યોધન સામે જુગારમાં પોતાનું રાજ્ય અને દ્રૌપદીને હારી ગયા હતા. પાંડવોએ ૧૨ વર્ષનો વનવાસ અને ૧ વર્ષનો અજ્ઞાતવાસ ભોગવવો પડ્યો હતો. આ વનવાસ દરમિયાન એક સરોવર પર યક્ષ બનીને સ્વયં ધર્મ એ તેમના ભાઈઓની પરીક્ષા લીધી હતી. યુધિષ્ઠિરે પોતાની બુદ્ધિ અને જ્ઞાનથી બધા જ સવાલોના સાચા જવાબ આપીને પોતાના ભાઈઓના પ્રાણ બચાવી પોતાની યોગ્યતા સિદ્ધ કરી હતી.

અંતે જ્યારે શ્રીકૃષ્ણના કહેવાં છતાં દુર્યોધન માન્યો નહીં, અને યુદ્ધ અનિવાર્ય બન્યું, ત્યારે મહાભારતના યુદ્ધમાં તેમણે સેનાપતિની ભૂમિકા ભજવી હતી. તેમનામાં વડીલોની આમન્યા અને આદરનાં ઉચ્ચ સંસ્કાર હતાં, તેથી જ યુદ્ધ શરૂ થતાં પહેલાં તેઓ દુશ્મન પક્ષના વડીલ ભીષ્મ પિતામહના આશીર્વાદ લેવા પગપાળા ગયા હતાં. યુદ્ધમાં થયેલા ભારે નરસંહારને કારણે તેમનું મન ખૂબ વ્યથિત થયું હતું, અને તેઓ રાજગાદી છોડીને સન્યાસ લેવા ઈચ્છતા હતાં. બાદમાં શ્રીકૃષ્ણ અને ભીષ્મના ઉપદેશથી તેમણે રાજ્ય સંભાળ્યુ. બાણ શૈયા પર મૃત્યુની પ્રતીક્ષા કરતાં ભીષ્મ પાસેથી રાજનીતિનું જ્ઞાન મેળવી ૩૫ વર્ષ સુધી સફળ રાજ કર્યા પછી પરિક્ષિતને રાજયભાર સોંપી, અને તેઓ અન્ય અનુજ અને દ્રૌપદી સાથે હિમાલય પ્રયાણ કર્યું! પરંતુ એ એકમાત્ર એવા માનવ હતા જે પોતાનાં શરીર સાથે સ્વર્ગમાં પહોંચ્યાં હતાં. અંતિમ યાત્રા મહાપ્રસ્થાન દરમિયાન તેમના સત્ય અને ધર્મ પાલનને કારણે સ્વર્ગનાં દેવતાઓએ તેમને સદેહે સ્વર્ગમાં સ્થાન આપ્યું હતું, જ્યાં એમનો કૂતરો! એટલે કે સ્વયં ધર્મ પણ સાથે હતો!

યુગો યુગોથી રાજગાદીનાં વારસદાર માટે ખેંચતાણ થતી જ આવી છે, એમ આમાં પણ ખેંચતાણ હતી, અને કૌરવોનો જ્યેષ્ઠ ભ્રાતા દુર્યોધન પાંડવોને એનાં શત્રુ માનતો હતો! એનું કારણ નાનપણથી એનાં મનમાં રાજ સિંહાસન પર પોતે જ બેસવાનો છે, એવું ભરાયેલું હતું, બીજું મામા શકુનિ એ પણ એનાં કાનમાં પાંડવો વિશે ઝેર નાખ્યું હતું. એ સમયનાં સૌથી સમૃદ્ધ એવાં રાજ ઘરાનામાં જન્મ થયો હોવા છતાં પાંડવોની જીવન યાત્રા ઘણી કઠીન રહી! અને બહુ બધાં ષડયંત્રનો ભોગ બન્યા. યુધિષ્ઠિર વિશે તો હજી લાક્ષાઘર ની ઘટના, અજ્ઞાતવાસ તેમજ યક્ષ પ્રશ્નોના જવાબોની વિસ્તૃત છણાવટ! પણ યુધિષ્ઠિર શરીરે સોનેરી ગૌર વર્ણનાં, ઊંચા પાતળા અને વિશાળ છાતી અને ઉદાર દ્રષ્ટિ વાળાં હતાં. સ્વભાવે પ્રેમાળ દયાળું તેમજ ઉદાર હતા. સજ્જન હોવાની સાથે ધર્મ, નીતિ અને ન્યાયથી ચાલનારા હતા. એકમાત્ર દ્યૂત રમવાના વ્યસનને કારણે હેરાન થયાં, અને અશ્વત્થામાના મૃત્યુની બાબતમાં એ અર્ધસત્ય બોલ્યાં, એ બે તેમની બાબતમાં દારૂણ ઘટનાઓ છે.

યુદ્ધ પહેલાં હસ્તિનાપુર નહીં તો અન્ય રાજ્યની માંગ થઈ, ત્યારે પાંડવોને ખાંડવ પ્રસ્થની વિરાન અને ઉજ્જડ ભૂમિ મળી, જેમણે પાંડવોએ કઠિન શ્રમથી અતિ સમૃદ્ધ ઈન્દ્રપ્રસ્થમાં ફેરવી. યુધિષ્ઠિર એ રાજસૂય યજ્ઞ કર્યો, અને દુર્યોધનને ઈન્દ્રપ્રસ્થમનું અતિ એશ્વર્ય જોઈ ઈર્ષા થઈ, અને માટે ધૃત ક્રિડાનું આયોજન થયું! એની હારથી કુરુક્ષેત્રનું ભીષણ યુદ્ધ થયું! આમાં જવાબદાર કોને ગણીશું? દુર્યોધનને કે યુધિષ્ઠિર ને?


આપણે જ્યારે યુધિષ્ઠિર એવંમ ધર્મની વાત કરી રહ્યાં છીએ તો કહેવાય છે કે, યુધિષ્ઠિર ઉચ્ચ ધર્મનું પૂર્ણ પાલન કરનારાં હતાં અને એટલે એમનો રથ જમીનથી થોડો ઉંચો ચાલતો હતો. પરંતુ રામચરિત માનસમાં તુલસી લખે છે કે નસ્ત્રધર્મ ન દૂસર સત્ય સમાનાસ્ત્રસ્ત્ર એટલે કે સત્યથી મહાન કોઈ ધર્મ નથી. અશ્વસ્થામા એટલે કે દ્રોણાચાર્ય ના દિકરો એ મરાયો ત્યારે નસ્ત્રનરો વા કુંજરો વા નસ્ત્ર એ અર્ધ સત્ય શ્રીકૃષ્ણનાં કહેવાથી બોલ્યા, પણ દ્રૌપદી એક પત્ની કે સ્ત્રીને ધૃતમાં રમવું એ શું સત્ય હતું! શું પત્ની પતિની પ્રોપર્ટી છે? અને એ પણ યુધિષ્ઠિર માટે! યુદ્ધ તો દ્રૌપદીનું વસ્ત્રાહરણ થયું ત્યારે જ થવું જોઈતું હતું! અને એ પણ જે સ્ત્રીનાં એક નહીં પાંચ પતિ હોય! અને એ પણ સમર્થ યોદ્ધા! પરંતુ ઈતિહાસ ગવાહ છે, કે કૃષ્ણ ન્હોત તો... આ ઉપરાંત મત્સ્યવેધમાં અર્જુન જ્યારે દ્રૌપદીને જીતે છે, ત્યારે એક સ્ત્રીનાં પાંચ પતિ એવાં કુંતીના નિર્ણયને યુધિષ્ઠિરે શું કામ માન્ય રાખ્યો? નાના ભાઈની પત્ની સાથે...? ધર્મનું આ કયું રુપ છે? બલ્કી એ યુગ તો રાજાની બહુ પત્નીત્વનો હતો! પોતાનાં પિતા પણ બે પત્ની ધરાવતા હતાં! પરંતુ ઈતિહાસ તો બોધ લેવાં માટે હોય છે! તો યુધિષ્ઠિરનાં ચરિત્ર માંથી આપણે શું બોધ લેવાનો છે? એ જ કે ધર્મ કે સત્ય માટે પણ ક્ષણેક્ષણની જાગૃતિ જરૂરી છે! નહીં તો કાળ આવીને ગફલતનો શિકાર બનાવે છે, અને આપણે જોયું એમ એક ભૂલે કેવો મોટો ઈતિહાસ સર્જ્યો! આપણે એવી ભૂલ કરીએ નહીં! અને ધર્મ કે સત્યને સમજીને ભલે આપણી મર્યાદામાં પણ યોગ્ય રીતે અનુસરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### ગુજરાતના યુવાનોને મોતના ખપ્પરમાં કોણ હોમે છે ?

# ૪ વર્ષમાં ૧૦૬૩ વિદ્યાર્થીના આપઘાત : કોંગ્રેસ

## શિક્ષણના નામે ઉઘાડી લૂંટ, પેપરલીક કાંડ અને ભયંકર બેરોજગારીથી કંટાળીને યુવાનો જીવન ટૂંકાવી રહ્યા છેઃ કોંગ્રેસનો સણસણતો આરોપ



ગાંધીનગર, તા.૨૧

ગુજરાત સહિત સમગ્ર દેશમાં વિદ્યાર્થીઓ અને યુવાનો દ્વારા થઈ રહેલી આત્મહત્યાના આંકડાઓએ પવિકાસથના તમામ દાવાઓની પોલ ખોલી નાખી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ આ મામલે સત્તાધારી સરકારની શિક્ષણ નીતિઓ, વારંવાર થતા પેપર લીક અને રોજગારીની ભયંકર અનિશ્ચિતતા સામે આકરા અને વિસ્ફોટક પ્રહારો કર્યા છે. કોંગ્રેસે આક્રોશ ઠાલવતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓની આત્મહત્યા એ કોઈ સામાન્ય ઘટના નથી, પરંતુ ભ્રષ્ટ સિસ્ટમ દ્વારા કરવામાં આવી રહેલી પસંસ્થાકીય હત્યાથ છે!

ગઈછઈ ના ડરાવના આંકડાઃ દેશમાં રોજ ૪૦ થી વધુ કિશોરોનો આપઘાત કોંગ્રેસના મુખ્ય પ્રવક્તાએ કેન્દ્ર સરકારના જ નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB) ના આંકડાઓ ટાંકીને સરકારની આંખ ઉઘાડવાનો પ્રયાસ કર્યો છે. વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૪ દરમિયાન દેશભરમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના ૬૩,૯૧૫ બાળકો અને કિશોરોએ આત્મહત્યા કરી છે. આનો સીધો અર્થ એ છે કે સરેરાશ રોજના ૪૦ થી વધુ માસૂમ કિશોરો આ સિસ્ટમથી હારીને મોતને ભેટી રહ્યા છે. વધુમાં, આ જ સમયગાળામાં માત્ર પરીક્ષામાં નિષ્ફળતાના ડર અને દબાણને કારણે ૩૦ વર્ષથી ઓછી ઉંમરના ૧૨,૫૯૮ યુવાનોએ પોતાનું જીવન ટૂંકાવ્યું છે, જે રોજના ૫ થી વધુ વિદ્યાર્થીઓની સરેરાશ દર્શાવે છે.

ગુજરાત મોડલની વરવી વાસ્તવિકતાઃ ૪ વર્ષમાં ૧૦૬૩ વિદ્યાર્થીઓના મોત ગુજરાત મોડલના બણગા ફંકતી સરકાર પર પ્રહાર કરતા વિપક્ષે જણાવ્યું કે, છેલ્લા ૪ જ વર્ષમાં ગુજરાતમાં ૧,૦૬૩ વિદ્યાર્થીઓએ આપઘાત કર્યો છે. વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૪ ની વચ્ચે બાળકોમાં આત્મહત્યાના કેસોમાં અંદાજે ૧૬% જેટલો તોતિંગ વધારો નોંધાયો છે, જે અત્યંત આંચકાજનક છે. જો માત્ર વર્ષ ૨૦૨૪ ની જ વાત કરીએ તો સમગ્ર દેશમાં ૧૪,૪૮૮ વિદ્યાર્થીઓએ મોતને વહાલું કર્યું છે.

પેપરલીક અને બેરોજગારીએ યુવાનોને નિરાશાની ગર્તામાં ધકેલ્યા ગુજરાત કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે NEET, JEE, CUET, GPSC અને UPSC જેવી દેશની સૌથી મોટી અને મહત્વની પરીક્ષાઓ હવે મજાક બની ગઈ છે.

પેપર લીક અને પરીક્ષા માફિયાઓના કૌભાંડોના કારણે લાખો યુવાનોનો સિસ્ટમ પરથી ભરોસો જ ઊઠી ગયો છે. લાખો રૂપિયા ખર્ચીને ડિગ્રી મેળવ્યા બાદ પણ નોકરીની કોઈ જ ગેરંટી નથી. સરકારી ભરતી પ્રક્રિયાઓ વર્ષો સુધી અટકેલી રહે છે અને યુવાનોની ઉંમર વીતી જાય છે, જેના કારણે હતાશામાં ગરકાવ થયેલો યુવક આત્મહત્યા કરવા મજબૂર બને છે.

શિક્ષણના નામે ચાલતી લૂંટ અને પરીક્ષાના અસહ્ય દબાણે યુવાનો પાસેથી જીવવાનો હક છીનવી લીધો છે.

### કોંગ્રેસે કઈ કઈ માંગણી કરી ?

આ ગંભીર અને સંવેદનશીલ સ્થિતિને ડામવા માટે કોંગ્રેસ પક્ષે સરકાર સમક્ષ તાત્કાલિક માંગણીઓ મૂકી છે. જેમાં પેપર લીક અને પરીક્ષાના કૌભાંડો સામે દેખાડા કરવાને બદલે અત્યંત કડક અને વિશેષ કાયદો બનાવવામાં આવે અને ગુનેગારોને ફાંસીની સજા થાય તેવી જોગવાઈ કરવામાં આવે.રાજ્યની દરેક શાળા, કોલેજ અને યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ માટે ફરજિયાત માનસિક સ્વાસ્થ્ય કાઉન્સેલિંગ સેન્ટર અને હેલ્પલાઈન તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવે. તમામ સરકારી ભરતી અને પ્રવેશ પરીક્ષાઓ માટે સંપૂર્ણ પારદર્શક અને સમયબદ્ધ પ્રણાલી (ટાઈમ ટેબલ) અમલમાં મૂકવામાં આવે, જેથી વિદ્યાર્થીઓને રાહ ન જોવી પડે. તેમજ વિદ્યાર્થીઓની આત્મહત્યાના મૂળ કારણો શોધવા માટે રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે વિશેષ નિષ્ણાતોની કમિટી બનાવી તપાસ કરવામાં આવે અને યુવાનોને બચાવવા નવી નીતિ ઘડવામાં આવે.

### બુરખા, સ્કાર્ફ અને માથું ઢાંકવા પર પ્રતિબંધ !

# TET પરીક્ષાના નવા નિયમોથી શૈક્ષણિક સંગઠનો ચિંતિત

## મુસ્લિમ મહિલા ઉમેદવારોને મહિલા સ્ટાફ દ્વારા ઓળખ ચકાસણી પછી મંજૂરી આપવા માંગ

નવી દિલ્હી, તા.૨૧

મુંબઈ - ૨૮ જૂને યોજાનારી મહારાષ્ટ્ર શિક્ષક પાત્રતા પરીક્ષા (TET) માટે જારી કરાયેલી નવી માર્ગદર્શિકાએ પરીક્ષા કેન્દ્રોની અંદર ઉમેદવારોને દુપટ્ટા, બુરખા, ટોપી અને ફેસ માસ્ક પહેરવા પર પ્રતિબંધ મૂક્યા બાદ મુસ્લિમ ઉમેદવારો અને શૈક્ષણિક સંગઠનોમાં ચિંતા છે. મહારાષ્ટ્ર રાજ્ય પરીક્ષા પરિષદ (MSEC) એ પરીક્ષા દરમિયાન પારદર્શિતા જાળવવા અને ગેરરીતિ અટકાવવાના હેતુથી સુરક્ષા પગલાંના વ્યાપક સમૂહના ભાગ રૂપે આ પ્રતિબંધો મૂક્યા છે.

આ નવા નિયમો હેઠળ, ઉમેદવારોને દુપટ્ટા, બુરખા, ટોપી અથવા માસ્ક પહેરીને પરીક્ષા ખંડમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. પરિષદે પરીક્ષા કેન્દ્રોની અંદર મોબાઈલ ફોન, પેજર, ડિજિટલ ઘડિયાળ, પેન અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો પર પણ પ્રતિબંધ મૂક્યો છે. ખજઊઈ ના અધ્યક્ષ નંદકુમાર બડસેએ જાહેરાત કરી છે કે પરીક્ષા દરમિયાન કડક દેખરેખ વ્યવસ્થા કરવામાં આવશે. વર્ગખંડોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે, પ્રવેશ બિંદુઓ પર મેટલ ડિટેક્ટરનો ઉપયોગ કરીને ઉમેદવારોના બેગની તપાસ કરવામાં આવશે, બાયોમેટ્રિક ચકાસણી હાથ ધરવામાં આવશે અને ઓળખ ચકાસવા માટે ચહેરાની ઓળખ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

કાઉન્સિલના જણાવ્યા અનુસાર, જે ઉમેદવારોના ચહેરાની વિગતો સત્તાવાર ઓળખ રેકોર્ડ સાથે મેળ ખાય છે તેમને જ પરીક્ષા ખંડમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે. આ




નિર્ણયની શૈક્ષણિક જૂથો દ્વારા ટીકા કરવામાં આવી છે, અને તેઓ દલીલ કરે છે કે પરીક્ષા સુરક્ષા મહત્વપૂર્ણ છે, પરંતુ નિયમોમાં મુસ્લિમ મહિલા ઉમેદવારોની ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રથાઓને પણ ધ્યાનમાં લેવી જોઈએ.

શૈક્ષણિક સંગઠનોના પ્રતિનિધિઓએ સૂચન કર્યું છે કે પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશતા પહેલા નિયુક્ત સ્ક્રીનીંગ પોઈન્ટ પર મહિલા અધિકારીઓ દ્વારા ઓળખ ચકાસણી કર્યા પછી મુસ્લિમ મહિલાઓને હિજાબ, દુપટ્ટા અથવા બુરખા પહેરવાની મંજૂરી આપવી જોઈએ. અખિલ ભારતીય ઉર્દૂ શિક્ષક સંઘ દ્વારા MSEC કમિશનર મહેશ ચૌથેને એક પત્ર સુપરત કરવામાં આવ્યો છે, જેમાં પ્રતિબંધોની સમીક્ષા કરવાની વિનંતી કરવામાં આવી છે. આ પત્રમાં, સંગઠને જણાવ્યું હતું કે હિજાબ અને દુપટ્ટા ધાર્મિક માન્યતાઓ, સાંસ્કૃતિક પરંપરાઓ અને ઘણી મુસ્લિમ મહિલાઓની વ્યક્તિગત ઓળખ માટે મહત્વપૂર્ણ છે. ભારતનું બંધારણ દરેક નાગરિકને ધાર્મિક સ્વતંત્રતા, સમાનતા અને ગૌરવપૂર્ણ જીવનનો અધિકાર આપે છે. મુસ્લિમ ઉમેદવારોને હિજાબ કે દુપટ્ટો પહેરવાની છૂટ ન આપવાથી તેમની ધાર્મિક લાગણીઓ અને બંધારણીય અધિકારો પર અસર પડી શકે છે.

સાથે સાથે સંગઠને પરીક્ષાની અખંડિતતા અને સુરક્ષા જાળવવાની જરૂરિયાત સ્વીકારતા કહ્યું પરીક્ષા પ્રક્રિયા પારદર્શક અને સુરક્ષિત રહેવી જોઈએ. જોકે, મુસ્લિમ મહિલા ઉમેદવારો માટે ઓળખ ચકાસણી, સ્ક્રીનીંગ અને સુરક્ષા તપાસ મહિલા અધિકારીઓ અથવા સ્ટાફ સભ્યો દ્વારા પરીક્ષા ખંડમાં પ્રવેશતા પહેલા અલગથી કરી શકાય છે. સંગઠને દલીલ કરી હતી કે આવી વ્યવસ્થા પરીક્ષાની વિશ્વસનીયતાનું રક્ષણ કરશે અને ઉમેદવારોની ધાર્મિક માન્યતાઓ અને બંધારણીય અધિકારોનો પણ આદર કરશે. પરીક્ષામાં બેસતા ઉમેદવારોને એક મૂળ ફોટો ઓળખ દસ્તાવેજ, જેમ કે આધાર કાર્ડ, પાન કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ અથવા મતદાર ઓળખ કાર્ડ સાથે રાખવાની સૂચના આપવામાં આવી છે. કાઉન્સિલે કહ્યું છે કે આ પ્રતિબંધો સુરક્ષા અને ઓળખ જરૂરિયાતો સાથે છે અને તમામ પરીક્ષા કેન્દ્રો પર CCTV સર્વેલન્સ અને ચહેરાની ઓળખ સિસ્ટમ દ્વારા દેખરેખ રાખવામાં આવશે. શૈક્ષણિક જૂથોએ અધિકારીઓને નિયમો પર પુનર્વિચાર કરવા અને ધાર્મિક આવાસ સાથે પરીક્ષા સુરક્ષાને સંતુલિત કરતી સિસ્ટમ અપનાવવા વિનંતી કરી છે. હાલમાં, મહારાષ્ટ્ર રાજ્ય પરીક્ષા પરિષદે માર્ગદર્શિકામાં કોઈ ફેરફારની જાહેરાત કરી નથી, અને પરીક્ષા હાલના નિયમો હેઠળ જ થવાની અપેક્ષા છે.

# ગુજરાત ટુ ગ્લોબલઃ એમ્પાવરિંગ ધ મેડટેક ઈકોસિસ્ટમ પરિષદ

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન-GRIT અને ભારત સરકાર દ્વારા સ્થાપિત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર મેડિકલ ડિવાઈસિસ-EPCMD India દ્વારા સંયુક્ત રીતે નસ્રગુજરાત ટુ ગ્લોબલઃ એમ્પાવરિંગ ધ મેડટેક ઈકોસિસ્ટમસ્રસ્ર શીર્ષક હેઠળ મેડટેક ક્ષેત્રની એક ઉચ્ચ પરિષદનું આયોજન આગામી તા. ૨૩ જૂન, ૨૦૨૬ મંગળવારના રોજ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ પરિષદનો હેતુ સ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓ અને વૈશ્વિક બજારોમાં પ્રવેશ વચ્ચેના તફાવતને દૂર કરવાનો છે. તે માટે નીતિ નિર્માતાઓ, નિયમનકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા ઉદ્યોગના અગ્રણીઓને એક જ મંચ પર લાવવામાં આવશે.

આ કાર્યક્રમ ગુજરાતના મેડિકલ ડિવાઈસ ક્ષેત્ર માટે અત્યંત મહત્વપૂર્ણ તબક્કે યોજાઈ રહ્યો છે. રાજકોટ નજીક આવેલ નાગલપર મેડિકલ ડિવાઈસ પાર્ક કાર્યરત બનતા રાજ્યના ઉત્પાદકો હવે મૂળભૂત એસેમ્બલીમાંથી આગળ વધી ઉચ્ચ ગુણવત્તાવાળા અને નિકાસલક્ષી ઉત્પાદન તરફ આગળ વધી રહ્યા છે. આ સમગ્ર કાર્યક્રમની અધ્યક્ષતા GRITના CEO એસ. અપર્ણા દ્વારા કરવામાં આવશે. ભારત સરકારના ફાર્માસ્યુટિકલ્સ વિભાગ અને વાણિજ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપરાંત ઉદ્યોગ અને સરકારના બે ડઝનથી વધુ પ્રતિનિધિઓ વિવિધ સત્રોમાં સક્રિય ભાગ લેશે.

દિવસભરની ચર્ચાઓની શરૂઆત નીતિ અને ઉદ્યોગ સંબંધિત મુદ્દાઓ પર આધારિત સત્રથી થશે. તેમાં નસ્ર૨૦૩૦ રોડમેપઃ દેશના ૩૦ અબજ ડોલરના મેડટેક વિઝનમાં ગુજરાતની ભૂમિકાસ્રસ્ર વિષયક રજૂઆત દ્વારા પરિપ્રેક્ષ્ય રજૂ કરવામાં આવશે. ત્યારબાદ ગુજરાતના ઉત્પાદકોના દૃષ્ટિકોણથી નીતિ, નિયમનકારી માળખું અને બજાર સુધી પહોંચ સંબંધિત પડકારો અંગે સંવાદ-ચર્ચા યોજાશે. ફાર્માસ્યુટિકલ્સ વિભાગ, વાણિજ્ય વિભાગ અને CDSCOના વરિષ્ઠ સરકારી અધિકારીઓ ઉપરાંત SMT, BPL, Meril Life Sciences અને Philips India જેવી અગ્રણી કંપનીઓના પ્રતિનિધિઓ પણ તેમાં ભાગ લેશે.અંતિમ સત્ર ગુજરાતના મેડિકલ ડિવાઈસ પાર્ક માટે સહાયક ઈકોસિસ્ટમના વિકાસ પર કેન્દ્રિત રહેશે. તેમાં આધારીય સુવિધાઓ, નિયમનકારી સહાય, સંશોધન અને નવીનતા, સપ્લાય ચેઈનનું સ્થાનિકીકરણ, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ-શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચેના સહયોગ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

**ગાંધીનગરમાં કાલે મેડટેક ક્ષેત્રમાં ગુજરાતની વૈશ્વિક ઉડાનને ગતિ આપશે આ GRIT અને EPCMD India પરિષદ**

# રિ-NEET, ૨૨ લાખ ઉમેદવારોએ શાંતિથી કરી પૂર્ણ

નવી દિલ્હી, તા.૨૧

આજે ૨૧ જૂનના રોજ ૨૨ લાખથી વધુ મેડિકલ ઉમેદવારો રાષ્ટ્રીય પાત્રતા કમ પ્રવેશ પરીક્ષા (NEET) પુનઃપરીક્ષા આપી રહ્યા છે, જે ફક્ત તેમના માટે જ નહીં પરંતુ રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી અને કેન્દ્ર માટે પણ એક કસોટી છે, જેમણે મે મહિનામાં અગાઉના પ્રયાસમાં પેપર લીક થયા પછી વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે તમામ પ્રયાસો કર્યા છે. પેપર લીક, અને ત્યારબાદ ૩ મેની પરીક્ષા રદ કરવાથી આક્રોશ, વિરોધ અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણીઓ થઈ હતી. કેન્દ્રએ દિલગીરી વ્યક્ત કરતા કહ્યું કે તેણે પારદર્શિતાને પ્રાથમિકતા આપીને અને અગાઉની પરીક્ષા રદ કરીને અને નવી પરીક્ષા પસંદ કરીને સમસ્યાનો સામનો કરવા મુશ્કેલ માર્ગ અપનાવ્યો છે.

આ પરીક્ષા બપોરે ૨ વાગ્યાથી ૫.૧૫ વાગ્યા સુધી અને વધારાના સમય માટે પાત્રતા ધરાવતા દિવ્યાંગ ઉમેદવારોને સાંજે ૬.૨૦ વાગ્યા સુધીનો સમય આપવામાં આવશે. નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ વિદ્યાર્થીઓને તેમનું પ્રવેશપત્ર, માન્ય ફોટો ID અને બે પાસપોર્ટ-સાઈઝના ફોટોગ્રાફ્સ સાથે રાખવા અને સવારે ૧૧ થી ૧.૩૦ વાગ્યાની વચ્ચે તેમના કેન્દ્રો પર રિપોર્ટ કરવા જણાવ્યું હતું.

પ્રશ્નપત્રોની કસ્ટડીની સાંકળ સુરક્ષિત કરવાના પગલાંના ભાગ રૂપે, તેમને ભારતીય વાયુસેના દ્વારા એરલિફ્ટ કરવામાં આવ્યા હતા. પરીક્ષાનું સંચાલન કરતી નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ શનિવારે દેશવ્યાપી મોક ડ્રીલ પણ યોજી હતી જેથી ખાતરી કરી શકાય કે પરીક્ષાના દિવસે બધું સુવ્યવસ્થિત રહે છે. પ્રધાને ગુરુવારે એક ઉચ્ચ-સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી અને અધિકારીઓને સતર્ક અને સંપૂર્ણ તૈયારી રાખવા નિર્દેશ આપ્યો, ભાર મૂક્યો કે પરીક્ષા પ્રક્રિયા પ્રામાણિકતા, પારદર્શિતા અને કાર્યક્ષમતાના ઉચ્ચતમ ધોરણોનું પાલન કરવા કહ્યું હતું.

તેમણે જાહેરાત કરી કે શિક્ષણ મંત્રાલય દ્વારા નિયુક્ત અધિકારીઓને ફરીથી પરીક્ષા સંબંધિત પ્રવૃત્તિઓનું સંકલન કરવા અને NTA ડાયરેક્ટર જનરલના નેતૃત્વ હેઠળના કેન્દ્રીય કમાન્ડ સેન્ટરમાં રિપોર્ટ કરવા માટે રાજ્યોમાં તૈનાત કરવામાં આવશે.

ગઝઅ એ જણાવ્યું છે કે તેણે ભારતના ૫૫૧ શહેરોમાં ૫,૪૪૦ કેન્દ્રો અને વિદેશમાં ૧૪ કેન્દ્રો પર અંગ્રેજી તેમજ ૧૨ ભારતીય ભાષાઓમાં મેડિકલ પ્રવેશ પરીક્ષા યોજવા માટે ''વ્યાપક વ્યવસ્થા'' કરી છે. તેણે જણાવ્યું હતું કે, પરીક્ષા ૯૫,૦૦૦ થી વધુ પરીક્ષા ખંડોમાં યોજાઈ રહી છે, જેમાં દરેક CCTV કેમેરાથી સજ્જ છે. કુલ ૧,૩૮,૫૬૦ CCTV કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે, જેમાં રાષ્ટ્રીય, રાજ્ય અને મંત્રાલય સ્તરે ફીડ્સનું વર્ચ્યુઅલી નિરીક્ષણ કરવામાં આવે છે. ઈલેક્ટ્રોનિક ગેરરીતિ સામે પરીક્ષાને સુરક્ષિત રાખવા માટે, ૫૧,૩૧૧ જામર તૈનાત કરવામાં આવ્યા છે. NTA એ જણાવ્યું હતું કે રાજ્ય અને જિલ્લા વહીવટીતંત્રોને એકત્ર કરવામાં આવ્યા છે અને પોલીસ, અર્ધલશ્કરી દળો, ભારતીય વાયુસેના અને પોસ્ટ વિભાગને સુરક્ષા મજબૂત રાખવા અને લોજિસ્ટિક્સ કોઈપણ સમસ્યા વિના અંત સુધી નિયંત્રિત થાય તે સુનિશ્ચિત કરવા માટે તૈનાત કરવામાં આવ્યા છે. દરેક પરીક્ષા કેન્દ્ર પર સરેરાશ ૪૦ થી ૫૦ સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે.

ગોપનીય સામગ્રી ધરાવતી આશરે ૧,૫૦૦ બેંક શાખાઓ પર બેંક અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા છે, અને પોસ્ટ વિભાગ દેશભરના લગભગ ૭૦૦ સંગ્રહ કેન્દ્રો પર OMR શીટ્સના સંગ્રહ માટે તેની ટીમોનું સંકલન કરશે. બધા રાજ્યોના મુખ્ય સચિવો અને વરિષ્ઠ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠકો યોજાઈ છે, અને જિલ્લાઓએ કેન્દ્ર વ્યવસ્થાઓની પુષ્ટિ કરી છે. ૨૦ જૂન ૨૦૨૬ ના રોજ તમામ સિસ્ટમો - જામર, CCTV, તપાસ સ્ટાફ અને બાયોમેટ્રિક્સ ચકાસવા માટે રાષ્ટ્રવ્યાપી મોક ડ્રીલ હાથ ધરવામાં આવી હતી. સંયોજકોએ કસ્ટોડિયન બેંકોમાં રાખવામાં આવેલી પરીક્ષા સામગ્રીની ચકાસણી કરી છે અને પરીક્ષા માટે તેની ઉપલબ્ધતાની પુષ્ટિ કરી છે.

દરેક પરીક્ષા ખંડમાં બે નિરીક્ષક હશે, અને દરેક કેન્દ્રમાં ૧૦ થી વધુ વધારાના પરીક્ષા કાર્યકર્તાઓ હશે. ઉમેદવારોની ચકાસણીને વધુ કડક બનાવવામાં આવી છે, જેમાં ૩૮,૭૯૫ તપાસ સ્ટાફ અને બાયોમેટ્રિક ચકાસણી માટે ૪૮,૪૪૮ કર્મચારીઓનો સમાવેશ થાય છે. બાયોમેટ્રિક માનવશક્તિ બમણી કરવામાં આવી છે અને ચહેરાના પ્રમાણીકરણ દ્વારા સપોર્ટેડ છે જેથી ચકાસણી સંપૂર્ણ રીતે થાય.

જ્યારે સીસીટીવી ફીડનું નિરીક્ષણ કરવા અને સ્થળ પર કોઈપણ તકનીકી સમસ્યાનું નિરાકરણ લાવવા માટે ૫,૪૪૦ કેન્દ્રોમાંથી દરેક પર એક સેન્ટર સિસ્ટમ્સ ઓફિસર (CSO) તૈનાત કરવામાં આવ્યા છે.

પેપર લીકની અફવા ફેલાવનારા અને કપટી દાવાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે તે વાત પર ભાર મૂકતા, NTAએ વિદ્યાર્થીઓ અને વાલીઓને ફક્ત સત્તાવાર સંદેશાવ્યવહાર પર આધાર રાખવાની સલાહ આપી હતી.




**પુનઃપરીક્ષા ૫૪૪૦ કેન્દ્રો બપોરે ૨ થી ૫.૧૫ વાગ્યા સુધી ચાલી : વધારાના સમય માટે પાત્રતા ધરાવતા દિવ્યાંગ ઉમેદવારોને સાંજે ૬.૨૦ વાગ્યા સુધીનો સમય અપાયો**

# મહિન્દ્રા શો-રૂમના સર્વિસ એડવાઈઝરે આચર્યું કૌભાંડ

## ગોંડલ રોડ પરના શો રૂમમાં બનાવઃ ગ્રાહકો પાસેથી ૪૯,૭૨૦ પડાવીને કર્મચારી રફુચક્કર

રાજકોટ,તા.૨૧

શહેરની ગોંડલ ચોકડી પાસે આવેલા પ્રતિષ્ઠિત મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા કંપનીના શો-રૂમ અને વર્કશોપ (માર્શલ ટ્રેડિંગ કંપની)માં ગ્રાહકો સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શો-રૂમમાં માત્ર એક મહિના પહેલા જ સર્વિસ એડવાઈઝર તરીકે નોકરીએ લાગેલા જામનગરના શખ્સે અલગ-અલગ ગ્રાહકો પાસેથી ગાડીના સર્વિસિંગ અને રીપેરિંગના બહાને કુલ ૪૯,૭૨૦ની રકમ પોતાના અંગત સ્વાર્થ માટે બારોબાર મેળવી કંપનીમાં જમા ન કરાવી કૌભાંડ આચર્યું છે. આ અંગે વર્કશોપ મેનેજરે આજી ડેમ પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.




પોલીસ ફરિયાદ અનુસાર, માઢાપર રોડ પર રહેતા અને ગોંડલ ચોકડી નજીક ક્રિશ્ના પાર્ક હોટલ પાસે આવેલી 'માર્શલ ટ્રેડિંગ કંપનીમાં છેલ્લા એક વર્ષથી વર્કશોપ મેનેજર તરીકે ફરજ બજાવતા મનિષકુમાર શાંતિલાલ વાજાએ આ મામલે ફરિયાદ નોંધાવી છે. તેમણે જણાવ્યું કે, ગત એક માસથી જામનગરનો વતની મિલન પ્રવીણભાઈ ગ્રાવત નામનો યુવક કંપનીમાં સર્વિસ એડવાઈઝર તરીકે નોકરી કરતો હતો. તેનું મુખ્ય કામ સર્વિસમાં આવતી ગાડીઓનું સંચાલન કરવું, એસ્ટીમેટ આપવું અને ગ્રાહકો પાસેથી બિલની રકમ મેળવી કંપનીમાં જમા કરાવવાનું હતું.

દરમિયાન ગત ૨૮મી મેના રોજ એક ગ્રાહક અરવિંદકુમાર કુલેત્રા પોતાની ડઝટ ૭૦૦ ગાડી નંબરઃ ત્ર્ઙ્ઉં-૦૩-ખક-૭૨૩૩ સર્વિસમાં મૂકી ગયા હતા. ગત ૬ જૂનના રોજ તેઓ ગાડી લેવા આવ્યા ત્યારે સર્વિસ એડવાઈઝર મિલન ગેરહાજર હતો. અન્ય કર્મચારીએ બિલ બનાવતા ગ્રાહકે જણાવ્યું હતું કે, તેઓ આ બિલ પેટે ૨૦,૦૦૦ રોકડા મિલનને ચૂકવી ચૂક્યા છે. જો કે કંપનીના એકાઉન્ટન્ટ પાસે તપાસ કરતા આવી કોઈ રકમ જમા થઈ નહોતી. વર્કશોપના સીસીટીવી કેમેરા ચેક કરતા મિલન ગ્રાહક પાસેથી રોકડા રૂપિયા લેતો કેમેરામાં કેદ થયો હતો.

મિલન ગત ૧૫ જૂનથી વર્કશોપમાં આવ્યા વિના ફોન સ્વીચ ઓફ કરીને ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ એક પછી એક ગ્રાહકો આવતા સમગ્ર કૌભાંડ પરથી પડદો ઊંચકાયો હતો. ગ્રાહક લગ્ધીરસિંહ ચૌહાણ તેમની સ્કોર્પિયો ગાડીના કામ પેટે મિલન તેમની ઓફિસે જઈને એડવાન્સ ૪,૦૦૦ લઈ ગયો હતો અને અન્ય ૬,૭૨૦ જીજ્ઞેશ ભુવા નામના વ્યક્તિના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. અન્ય ગ્રાહક અમિતભાઈ જાદવ તેમની ગાડીના સર્વિસ બિલ પેટે મિલન ૭,૦૦૦ બારોબાર લઈ ગયો હતો. તેમજ ગ્રાહક ભરતભાઈ જજુ તેમની પાસેથી પણ મિલને બિલ પેટે ૨,૦૦૦ મેળવી લીધા હતા.

આ ઉપરાંત ગ્રાહક ડો. પ્રતિકભાઈ શાહ પણ છેતરાયા હતાં. મિલને તેમના કહેવાથી ૧૦,૦૦૦ વર્કશોપના જ અન્ય એક કર્મચારી પરેશભાઈ નીમાવતના ખાતામાં જમા કરાવ્યા હતા અને બાદમાં પરેશભાઈ પાસેથી તે રકમ અન્ય ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. આમ સર્વિસ એડવાઈઝર મિલન અનરાવતે ગ્રાહકોના વિશ્વાસનો લાભ લઈ, કંપનીના નામે બારોબાર કુલ ૪૯,૭૨૦ મેળવી લઈ કંપનીમાં જમા ન કરાવી વિશ્વાસઘાત કર્યો છે. વર્કશોપ મેનેજર મનિષકુમાર વાજાની ફરિયાદના આધારે તાલુકા હેડકોન્સ. ચિરાગ ક્લોલાએ ગુનો દાખલ કરી ફરાર આરોપી મિલન અગ્રાવત સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ શરૂ કરી છે.

# રાજકોટમાં સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી દુષ્કર્મ

## રૈયાધાર ઈન્દિરાનગરના લલિત ભાટી સામે એટ્રોસિટી પોકસો હેઠળ યુનિવર્સિટી પોલીસમાં ગુનો દાખલ

રાજકોટઃ શહેરમાં રહેતી ૧૫ વર્ષીય સગીરાને લગ્ન કરવાની લાલચ આપી, ફોસલાવીને અપહરણ કરી જવા અંગે અને ત્યારબાદ સુરત લઈ જઈ તેની મરજી વિરૂદ્ધ અવાર-નવાર શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચરવા અંગેનો સંગીન ગુનો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે સગીરાના પિતાએ યુનિવર્સિટી પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવતા પોલીસે ભારતીય ન્યાય સંહિતા, પોક્સો એક્ટ તેમજ એટ્રોસિટી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ દફતરેથી મળતી સત્તાવાર વિગતો અનુસાર, આ મામલે સગીરાના પિતાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ગત તારીખ ૧૩ જૂન ૨૦૨૬ના રોજ રાત્રિના આશરે આઠેક વાગ્યાથી લઈને તારીખ ૨૧ જૂન ૨૦૨૬ના વહેલી સવારના ચાર વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન આ ગુનો આચરવામાં આવ્યો છે. ભોગ બનનાર સગીરા અનુસૂચિત જાતિની હોવાનું જાણવા છતાં ઈન્દિરાનગર શેરી નંબર ૧૦માં શિવમ પ્રોવિઝન સ્ટોરની સામે રહેતા લલિત રૂપાભાઈ ભાટી નામના શખ્સે સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. ગત ૧૩ જૂનના રોજ આરોપી લલિત સગીરાને લગ્ન કરવાની લાલચ આપી, કાયદેસરના વાલીપણામાંથી બહલાવી-ફોસલાવીને અપહરણ કરી બારોબાર સુરત મુકામે લઈ ગયો હતો.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, સગીરાને સુરત લઈ ગયા બાદ આરોપી લલિતે તેની સાથે અવાર-નવાર મરજી વિરૂદ્ધ શારીરિક સંબંધો બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. સગીરા ગુમ થતાં પરિવાર દ્વારા શોધખોળ આદરવામાં આવી હતી અને આખરે આ મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં આ અંગે વિધિવત ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો છે. પોલીસે આરોપી લલિત રૂપાભાઈ ભાટી વિરૂદ્ધ અપહરણ, પોકસો, એટ્રોસીટની કલમ મુજબ ગુનો દાખલ કર્યો છે. આ ચકચારી કેસની આગળની વધુ તપાસ એ.સી.પી. રાજેશ બારીઆ ચલાવી રહ્યા છે અને ફરાર આરોપીને કાયદાના સિકંજામાં લેવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે.

# નિવૃત્ત શિક્ષક દવાખાને ગયા ને ઘરમાં તસ્કરોના પરોણા

## કાલાવડ રોડ પંચાયત ચોકમાં બનાવઃ ખાખી પૂઠામાં રાખેલી રૂપિયા ૫૦૦ની ૧૯૩ નોટો ગાયબ થઈઃ ઘરના નોકરો અને કેરટેકર પર શંકાની સોય

રાજકોટ,,તા.૨૧

શહેરના કાલાવાડ રોડ પર આવેલ પંચાયત ચોક નજીક એક નિવૃત્ત વૃદ્ધ શિક્ષકના ઘરમાંથી ૯૬,૫૦૦ની રોકડ રકમની ચોરી થઈ હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. વૃદ્ધ પિતાની તબિયત લથડતાં પુત્રી તેમને હોસ્પિટલ લઈ ગઈ હતી, તે દરમિયાન ઘરમાં રાખેલી મોટી રકમ ગાયબ થઈ ગઈ હતી. ઘરકામ માટે આવતા માણસો અને આસપાસ તપાસ કરવા છતાં કોઈ પતો ન મળતાં આખરે ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ મથકમાં સત્તાવાર ચોરીની ફરિયાદ નોંધાવવામાં આવી છે.



પોલીસ સ્ટેશનમાંથી મળતી વિગતો અનુસાર, પંચાયત ચોક પાસે કૈલાશ પાર્ક-૨ માં ''સમ'' નામના મકાનમાં રહેતા અને સેન્ટ મેરી સ્કૂલમાં શિક્ષિકા તરીકે પ્રાઈવેટ નોકરી કરતા રૂમીબેન હસુભાઈ રાજા (ઉ.વ. ૪૪) એ આ મામલે ફરિયાદ નોંધાવી છે. તેમના ૯૨ વર્ષીય પિતા હસુભાઈ નિવૃત્ત શિક્ષક છે અને છેલ્લા ત્રણેક વર્ષથી પથારીવશ છે. ગત તારીખ ૫ જૂનના રોજ બપોરે બાર વાગ્યાના અરસામાં હસુભાઈની તબિયત બગડતાં રૂમીબેન તેમને સારવાર માટે સિનર્જી હોસ્પિટલમાં લઈ ગયા હતા અને ત્યાં એડમિટ કર્યા હતા. ત્યારબાદ ગત ૯ જૂનના રોજ સાંજે તેઓ પિતાને હોસ્પિટલમાંથી રજા અપાવી ઘરે પરત ફર્યા હતા.

ઘરે આવ્યા બાદ રૂમીબેનના માતા નિરંજનાબેને જણાવ્યું કે, તેમણે પોતાના ભેગા કરેલા રૂપિયા ૫૦૦ની કુલ ૨૦૭ નોટો (કુલ ૧,૦૩,૫૦૦) ગત ૫ જૂનના રોજ બપોરે બેડ પર કપડાની થપ્પી ઉપર એક પ્લાસ્ટિકની કોથળીમાં ખાખી પૂઠાની અંદર રાખ્યા હતા.

ગત ૬ જૂનના રોજ સવારે આશરે આઠ વાગ્યે જ્યારે નિરંજનાબેને તે કોથળી ખોલીને જોયું, તો ખાખી પૂઠામાં માત્ર ૫૦૦ની ૧૪ નોટો (૭,૦૦૦) જ પડી હતી. જ્યારે બાકીની ૫૦૦ની ૧૯૩ નોટો, જેની કુલ કિંમત ૯૬,૫૦૦ થાય છે, તે ગાયબ હતી.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, પથારીવશ વૃદ્ધની સારવાર અને ઘરકામ માટે અલગ-અલગ માણસો રાખેલા છે, જેમાં છેલ્લા ૬ વર્ષથી રસોઈ બનાવતા ફાલ્ગુનીબેન, છેલ્લા ૩-૪ માસથી વાસણ સાફ કરતા રેખાબેન નેપાળી, છેલ્લા ૫ વર્ષથી કચરા-પોતા અને કપડા ધોવાનું કામ કરતા શોભાબેન નેપાળી, એપોલો નર્સિંગ કેરના રેફરન્સથી પિતાના કેરટેકર તરીકે સવા બે મહિનાથી કામ કરતા ભવેષભાઈ ધીરુભાઈ વંશ (રહે. કાંગસીયાળી) જેઓ ગત ૧૨ જૂન સુધી ફરજ પર હતા. આ તમામ માણસોની હાજરી અને અવરજવર વચ્ચે જ આ ચોરીની ઘટના બની હોવાનું સામે આવ્યું છે. પરિવાર દ્વારા પોતાના સ્તરે તપાસ અને પૂછપરછ કરવા છતાં આ રકમ ન મળતાં આખરે કોઈ અજાણ્યા ચોર ઈસમે નજર ચૂકવી આ ચોરી કરી હોવાની ફરિયાદ નોંધાવાઈ છે. હેડ કોન્સ્ટેબલ જી.એસ. ઝાલાએ આ મામલે ગુનો નોંધી વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## શેરબજારમાં રોકાણ કરવાની ટિપ્સ આપી ને અમદાવાદી વૃદ્ધને લાલચ પડી મોંઘી

# સિનિયર સિટીઝન સાથે ૧.૬૫ કરોડની સાયબર છેતરપીંડી

રાજકોટ, તા.૨૧

અમદાવાદના શીલજ વિસ્તારમાં રહેતા એક ૭૧ વર્ષીય સિનિયર સિટીઝન સાયબર ગુનેગારોની મોટી ઠગાઈનો ભોગ બન્યા છે. શેરબજારમાં રોકાણ કરવાની ટિપ્સ આપવાના બહાને વિશ્વાસમાં લઈને અને ઈંડ્ઘમાં ઊંચા વળતરની લાલચ આપીને સાયબર ક્રિમિનલ્સે તેમની સાથે રૂપિયા ૧.૬૫ કરોડની છેતરપિંડી આચરી છે. આ અંગે અમદાવાદ રેન્જના સાયબર સેલ દ્વારા ગુનો નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

થોડા મહિના પહેલાં દિનેશભાઈના વોટ્સએપ પર એક અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો, જેમાં એક કંપની દ્વારા શેરબજારમાં રોકાણ કરવા અંગેની ટિપ્સ આપવાની વાત કહેવામાં આવી હતી. દિનેશભાઈએ સહમતી દર્શાવતા તેમને રોકાણ અંગેની માહિતી મોકલવાનું શરૂ કરાયું હતું. થોડા દિવસો પછી, તેમને એક વોટ્સએપ ગ્રૂપમાં ઉમેરીને 'કોટક સિક્યોરિટીઝ'ના નામે એક નકલી એપ્લિકેશન મોકલવામાં આવી હતી અને તેમાં રજીસ્ટ્રેશન કરાવીને ઈંડ્ઘમાં ઊંચા વળતરની ખાતરી આપવામાં આવી હતી.

આ જાળમાં આવીને તેમણે અલગ-અલગ સમયે ભારત અને દુબઈથી કુલ રૂપિયા ૧.૬૫ કરોડનું રોકાણ કર્યું હતું. એપ્લિકેશનમાં રોકાણની રકમ સાથે કુલ રૂપિયા ૨.૮૩ કરોડનો નફો દર્શાવવામાં આવતો હતો. જોકે, જ્યારે તેમણે આ નાણાં ઉપાડવાનો પ્રયત્ન કર્યો ત્યારે તે વિડ્રો થતા નહોતા. થોડીવાર બાદ તેમની પ્રોફાઈલ ડિટેઈલમાં એક ઈંડ્ઘ માટે રૂપિયા ૪.૩૯ કરોડની રકમ ભરવાની પ્રક્રિયા બતાવવામાં આવી હતી. આ માટે ઠગોએ રૂપિયા ૨.૮૩ કરોડનો નફો બાદ આપીને, બાકીના તફાવત પેટે બીજા રૂપિયા ૧.૫૩ કરોડ જમા કરાવવા માટે દબાણ કર્યું હતું.




પરંતુ, આટલી મોટી રકમ ન હોવાથી તેમણે આ ઈંડ્ઘમાં રોકાણ કરવાની ના પાડી દીધી હતી. તેમ છતાં, આરોપીઓએ રૂપિયા ૨.૮૩ કરોડની રકમ ડિમેટ એકાઉન્ટમાંથી પરત મેળવવા માટે વધુ રૂપિયા ૧૦ લાખની માંગણી કરી હતી. આથી દિનેશભાઈને શંકા ગઈ અને તપાસ કરતાં માલૂમ પડ્યું કે 'કોટક સિક્યોરિટીઝ'ના નામે નકલી એપ બનાવીને તેમની સાથે છેતરપિંડી થઈ છે. તેમણે સામેના નંબરો પર ફોન કરવાનો પ્રયાસ કર્યો પરંતુ ઠગોએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. આ અંગે તેમણે પોલીસ ફરિયાદ નોંધાવતા, પોલીસે ટેકનિકલ એનાલિસિસના આધારે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

## ડિજિટલ ઠગાઈનો નવો અને વિચિત્ર કીમિયો

# ગૂગલ પર આંગડિયાનો નંબર શોધવો વેપારીને ૨૭ લાખમાં પડ્યો!

## ગાંધીનગરના વેપારીએ બેંગ્લોર નાણાં મોકલવા રતનપોળમાં જમા કરાવ્યા, પણ ગઠિયાઓએ ટોકન નંબરના આધારે દિલ્હીથી બારોબાર રકમ ઉપાડી લીધીઃ કાલુપુર પોલીસમાં ફરિયાદ

રાજકોટ, તા.૨૧

આજકાલ કોઈપણ નાની-મોટી માહિતી જોઈતી હોય તો લોકો તરત જ પોતાના મોબાઈલમાં ગૂગલ (ત્ર્ક્ષ્ક્ષ્ઙ્ગલહય) પર સર્ચ કરવા લાગે છે. પરંતુ, ગૂગલ પર મળતો દરેક મોબાઈલ નંબર કે માહિતી સાચી જ હોય તે જરૂરી નથી. ગૂગલ સર્ચ એન્જિનના ડેટામાં પોતાના ફેક નંબરો ઘુસાડીને સાયબર ગઠિયાઓએ લોકોને લૂંટવાનો નવો જ કીમિયો અપનાવ્યો છે. અમદાવાદમાં આવો જ એક અત્યંત ચોંકાવનારો અને વિચિત્ર ફ્રોડનો કિસ્સો સામે આવ્યો છે, જેમાં ગૂગલ પર માત્ર એક આંગડિયા પેઢીનો નંબર શોધવો ગાંધીનગરના એક વેપારીને ૨૭ લાખ રૂપિયામાં ભારે પડી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગાંધીનગર નજીકના અડાલજ વિસ્તારમાં રહેતા એક વેપારીના નાના ભાઈને બેંગ્લોરમાં નવું મકાન ખરીદવાનું હતું. આ મકાનની ખરીદી માટે ભાઈને તાત્કાલિક ૨૭ લાખ રૂપિયાની જરૂર હોવાથી વેપારીએ આંગડિયા મારફતે નાણાં મોકલવાનું નક્કી કર્યું હતું. આ માટે આજથી ત્રણેક મહિના પહેલાં વેપારીના પુત્રએ બેંગ્લોર નાણાં ટ્રાન્સફર કરવા માટે ગૂગલ પર આંગડિયા પેઢીની માહિતી સર્ચ કરી હતી. ગૂગલ સર્ચમાં તેમને 'ઓમ સાંઈ આંગડિયા' નામની પેઢીનો એક મોબાઈલ નંબર જોવા મળ્યો હતો.

પુત્રએ ગૂગલ પરથી મળેલા આ નંબર પર ફોન કરતા સામે છેડેથી રાહુલ અને શર્મા નામના બે ગઠિયાઓએ તેમની સાથે વાતચીત શરૂ કરી હતી. પોલીસ તેમને સરળતાથી ટ્રેક ન કરી શકે તે માટે આ ગઠિયાઓએ સામાન્ય કોલને બદલે વોટ્સએપ કોલ દ્વારા જ સંપર્ક ચાલુ રાખ્યો હતો. આ ઠગ ટોળકીએ વેપારીને પૂરેપૂરા વિશ્વાસમાં લઈને અમદાવાદમાં




કાલુપુરની રતનપોળ ખાતે આવેલી એક સાચી આંગડિયા પેઢીનું સરનામું આપ્યું હતું અને નાણાં ત્યાં જઈને જમા કરાવવા માટે જણાવ્યું હતું.

ગઠિયાઓની વાત પર વિશ્વાસ મૂકીને વેપારીએ રતનપોળ સ્થિત આંગડિયા પેઢીમાં રૂબરૂ જઈને ૨૭ લાખ રૂપિયા રોકડા જમા કરાવ્યા હતા. નાણાં જમા કરાવ્યા બાદ વેપારીએ પેઢીના નિયમ મુજબ ત્યાંથી અસલી ટોકન નોટ પણ મેળવી લીધી હતી અને તેની જાણ પેલા ગઠિયાઓને કરી હતી. પરંતુ, મોડી સાંજ સુધી બેંગ્લોર ખાતે રહેતા તેમના ભાઈને આંગડિયા મારફતે કોઈ જ નાણાં મળ્યા ન હતા. જ્યારે વેપારીએ આ અંગે ઊંડી તપાસ કરી ત્યારે તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

તપાસમાં એવો ચોંકાવનારો ખુલાસો થયો કે, ઠગ ટોળકીના રમેશ નામના ત્રીજા શખ્સે રાહુલ અને શર્માના ઈશારે આંગડિયા પેઢીની દિલ્હી શાખામાંથી આ જ ટોકન નંબરનો ઉપયોગ કરીને ૨૭ લાખ રૂપિયા બારોબાર ઉપાડી લીધા હતા! વેપારીને ત્યારે સમજાયું કે ગૂગલ પરથી મેળવેલો નંબર અસલી આંગડિયા પેઢીનો નહીં, પણ આ ભેજાબાજ ગઠિયાઓનો હતો, જેમણે માત્ર કમિશન કે ટોકનની વિગતો મેળવીને દિલ્હીથી નાણાં સેરવી લીધા હતા.

પોતાની સાથે થયેલી આ લાખો રૂપિયાની વિચિત્ર છેતરપિંડી અંગે છેવટે વેપારીએ કાલુપુર પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ભોગ બનનાર વેપારીની ફરિયાદના આધારે રાહુલ, શર્મા અને રમેશ નામના ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધીને ઠગ ટોળકીને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના ઓનલાઈન સર્ચ કરેલા નંબરો પર આંખ બંધ કરીને વિશ્વાસ કરતા લોકો માટે એક લાલબત્તી સમાન છે.

### શહેરમાં દારૂ જુગારની બદી ડામવા તમામ પોલીસ સ્ટેશન દ્વારા ખાસ ડ્રાઈવ

# જુગારના બે દરોડામાં ૧૫, દારૂમાં ૧૭ પકડાયા

## દારૂ પી વાહન ચલાવતા નવ, દારૂ સાથે આઠ પકડાયાઃ પ્રદ્યુમનનગર અને ગાંધીગ્રામ પોલીસે ઘરમાં પત્તા ટીચતા શખ્સોને પકડયા



રાજકોટ,તા.૨૧

શહેર પોલીસની દારૂની ખાસ ડ્રાઇવ અંતર્ગત પ્રોહિબિશનના અલગ-અલગ ગુનાઓમાં કુલ ૧૭ શખ્સોને પકડવામાં આવ્યા છે. જેમાં જાહેર રોડ પર નશાની હાલતમાં ભયજનક રીતે વાહન ચલાવતા ૯ ચાલકો અને વિદેશી તેમજ દેશી દારૂના જથ્થા સાથે ૮ બુટલેગરોની કરવામાં આવી છે. જ્યારે પ્રદ્યુમનનગર અને ગાંધીગ્રામમાં રહેણાક મકાનોમાં ચાલતા જુગારધામ પર ત્રાટકી કુલ ૧૫ પત્તાપ્રેમીઓને પકડયા છે.

શહેર પોલીસ કંટ્રોલ રૂમના ક્રાઇમ રિપોર્ટ અનુસાર, શહેરમાં પ્રોહિબિશન કાયદાના કડક અમલ માટે ચલાવવામાં આવેલી દારૂની ખાસ ડ્રાઇવ અંતર્ગત અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નશાખોરો અને દારૂની હેરાફેરી કરનારાઓ સામે વ્યાપક કાર્યવાહી કરવામાં આવી છે. ભક્તિનગર, એ-ડિવિઝન, ગાંધીગ્રામ અને માલવીયાનગર પોલીસ સ્ટેશન હેઠળ જાહેર રસ્તાઓ પર કેફી પ્રવાહી પીધેલી હાલતમાં સર્પાકાર રીતે તેમજ ભયજનક રીતે વાહનો ચલાવતા શખ્સોને ઝડપી લેવાયા છે. ભક્તિનગર પોલીસે લક્ષ્મીવાડી મેઇન રોડ પરથી સીએનજી રિક્ષાચાલક ચિરાગ ઉર્ફે કલી કનુભાઇ ગોહેલ અને નિલકંઠ સિનેમા સામેથી અતુલ રિક્ષાચાલક ઇરફાન મહમદભાઇ મીરાને નશાની હાલતમાં વાહન ચલાવતા ઝડપ્યા હતા. તેમજ હરિધવા રોડ પરથી એક્સેસ મોટરસાયકલ પર નીકળેલા પરેશ ધનજીભાઇ અમીપરાને પણ કેફી પીણું પીધેલી હાલતમાં દબોચી લેવાયો હતો. એ-ડિવિઝન પોલીસે વિજય પ્લોટમાંથી રિક્ષાચાલક નારણ તરશીભાઇ પીપળીયા અને ભવાનીનગરના ખૂણેથી રિક્ષાચાલક જીતેશ ભીમજીભાઇ બારીયાને નશામાં ચૂર હાલતમાં રિક્ષા ચલાવતા ઝડપી લીધા હતા. આ ઉપરાંત, ગાંધીગ્રામ પોલીસે રામાપીર ચોકડી પાસેથી મોટરસાયકલ સવાર સુરેશ સોમાભાઈ પરમાર અને ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસે ડ્રીમસીટીના ઢાળ પાસેથી અશોક લેલેન્ડ દોસ્ત ગાડીના ચાલક પ્રવીણ ઉર્ફે પરવીન તાનસિંહ ડામોરને પીધેલી હાલતમાં ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. માલવીયાનગર પોલીસે પણ આનંદબંગલા ચોક અને અમરનગર રોડ પરથી અનુક્રમે એક્ટિવા ચાલક યશપાલગીરી રમેશગીરી ગૌસ્વામી અને હીરો ડીલક્સ મોટરસાયકલના ચાલક યજ્ઞેશ ચંદ્રસિંગ પાંડવને નશાની હાલતમાં વાહન ચલાવતા પકડી પાડ્યા હતા.

બીજી તરફ, દારૂના વેચાણ અને હેરાફેરીના કેસોમાં થોરાળા પોલીસે આજી જી.આઇ.ડી.સી. અમન કારખાના પાસે જાહેર રોડ પરથી એક ગ્રે કલરની મારુતિ સુઝુકી બ્રેઝા કાર (નંબર ઋઉં-૩૬-ઋ-૪૯૪૫) માંથી પંજાબ રાજ્યમાં જ વેચાણ માટેની રોયલ સ્ટેગ વ્હીસ્કીની ૧૨ બોટલ અને રોયલ ચેલેન્જ વ્હીસ્કીની ૫૯ બોટલ મળી કુલ રૂ. ૪૮,૭૭૭નો વિદેશી દારૂ અને રૂ. ૭,૦૦,૦૦૦ની કાર સહિત કુલ રૂ. ૭,૪૮,૭૭૭નો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જ્યારે પોલીસને જોઈને કારચાલક આરોપી નાસી છૂટ્યો હતો. બી-ડિવિઝન પોલીસે સંતકબીર રોડ સરસ્વતી સ્કૂલ પાસેથી ધર્મેશકુમાર જગદિશભાઇ મોરાણીયાને મધ્યપ્રદેશના વેચાણ માટેની વ્હીસ્કીની ૧૭ સીલપેક બોટલો કિંમત રૂ. ૫,૧૦૦ સાથે ઝડપ્યો છે. કુવાડવા રોડ પોલીસે કાગદડીના પાટિયા પાસેથી સલમાન અસરફભાઇ શેખને ૧૫ લીટર દેશી દારૂ કિંમત રૂ. ૧,૦૦૦ સાથે તેમજ ભક્તિનગર પોલીસે વિરાટનગર મેઇન રોડ પરથી ચિરાગ ઘનશ્યામભાઇ વણોલને દાદરા નગર હવેલીના વેચાણ માટેના રોયલ ચેલેન્જ વ્હીસ્કીના ૩ ચપલા (કિંમત રૂ. ૯૦૦ સાથે ધરપકડ કરી છે. આજીડેમ પોલીસે આજીડેમ ચોકડી પાસેથી જનક જીવાભાઇ બરાડીયાને વ્હીસ્કીના ૪ ચપલા કિંમત રૂ. ૧,૦૦૦ સાથે, ગાંધીગ્રામ-૨ પોલીસે ઓસ્કાર રેસીડેન્સી પાસેથી રઘુવીર ઉર્ફે રઘુ ઘોહાભાઇ બોરીચાને વિદેશી દારૂના ૩ ચપલા સાથે અને માલવીયાનગર પોલીસે આંબેડકરનગરમાંથી ૧૫ લીટર કેફી પ્રવાહી સાથે હીરા ભિમાભાઇ પરમાર તેમજ અમરનગર-૨ માંથી પરેશ મનજીભાઇ વાઘેલાને વ્હીસ્કીના ૪ ચપલા સાથે દબોચી લીધા હતા.દારૂની ડ્રાઇવ સાથે જ રાજકોટ પોલીસે જુગાર પ્રવૃત્તિ પર પણ ધોંસ બોલાવી છે. પ્રદ્યુમનનગર પોલીસે જંકશન પ્લોટ શેરી નં. ૫/૧૦ ના ખૂણે આવેલ ઉત્સવ એપાર્ટમેન્ટના ત્રીજા માળે ફ્લેટ નં. ૩૦૭માં દરોડો પાડી પોતાના રહેણાક મકાનમાં બહારથી માણસો બોલાવી જુગાર રમાડતા મકાન માલિક પ્રકાશ ઠાકુરમલભાઇ લોકવાણી સહિત ૫ પુરુષો અને ૫ મહિલાઓ મળી કુલ ૧૦ આરોપીઓને તીનપત્તીનો જુગાર રમતા રંગેહાથ ઝડપી લીધા હતા, જેમની પાસેથી ગંજીપતા અને રોકડા રૂ. ૪૭,૨૮૦નો મુદ્દામાલ કબજે કરાયો છે. તેવી જ રીતે, ગાંધીગ્રામ પોલીસે રૈયા રોડ હનુમાનમઢી ચોક આગળ અંબિકાપાર્ક સોસાયટી બ્લોક નં. ૧૫માં શીતલબેન ફિરોજકુમાર કારીયાના રહેણાક મકાન પર દરોડો પાડ્યો હતો. મકાનમાલિક શીતલબેન બહારથી મહિલાઓને બોલાવી નાલ ઉઘરાવી જુગાર રમાડતા હતા, જ્યાંથી પોલીસે જુગાર રમતી કુલ ૫ મહિલાઓને ગંજીપતા, રોકડા રૂ. ૧૩,૧૫૦ તથા રૂ. ૧૦,૦૦૦ની કિંમતના ૨ નંગ મોબાઇલ ફોન મળી કુલ રૂ. ૨૩,૧૫૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી જુગારધારા કલમ ૪, ૫ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટમાં સાયકલ ચોરીના ગુનામાં પહેલી જ વખત પાસા

## બાળકોની સાયકલો ચોરતાં રીઢા ઉઠાવગીર ઘનશ્યામને અમદાવાદ જેલભેગો કરાયોઃ પોલીસ કમિશનરના વોરંટની ભક્તિનગર પોલીસે બજવણી કરી



રાજકોટ,તા.૨૧

શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘરોની અંદર તથા એપાર્ટમેન્ટના પાર્કિંગમાંથી નાના બાળકોની સાયકલો ચોરી કરવાની ટેવ વાળા એક રીઢા ગુનેગાર સામે પોલીસે કડક કાર્યવાહી કરી છે. સાયકલ ચોરીના અનેક ગુનાઓમાં સંડોવાયેલા આ ઈસમ સામે ભક્તિનગર પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલી પાસા દરખાસ્તને મંજૂરી મળતા આરોપીને મધ્યસ્થ જેલ, અહેમદાબાદ ખાતે મોકલી આપવામાં આવ્યો છે. સાયકલ ઉઠાવગીરને પાસામાં ધકેલાયો હોય તેવી પહેલી જ આ કામગીરી થઈ છે.

પકડાયેલા આરોપીનું નામ ઘનશ્યામ ભોજમલભાઇ કાંજીયાણી (ઉં.વ. ૫૭, જાતેઃ રહે. જંકશન પ્લોટ, શેરી નં. ૦૭, કૈલાશ એપાર્ટમેન્ટ, બ્લોક નં. ૦૧, રાજકોટ) છે. આ શખ્સ સામે ભક્તિનગર પોલીસ સ્ટેશન તેમજ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સાયકલ ચોરી અને અન્ય ગુનાઓ હેઠળ કુલ ૬ જેટલા ગુનાહિત ઇતિહાસ નોંધાયેલા છે. લોકોની જાન-માલ અને મિલકતનું રક્ષણ થાય તે હેતુથી તેના પર અંકુશ લાવવા માટે આ અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે.

આ સમગ્ર કામગીરી રાજકોટ શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી, પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી હેતલ પટેલ, એસીપી બી.વી. જાદવની સૂચના હેઠળ જે.ડી. પરમાર, પીએસઆઈ એમ.આર. ગોંડલીયા, એસ.એચ. ગોહિલ, નિલેશભાઇ મકવાણા, રમેશભાઇ માલકીયા, હરવિજયસિંહ ગોહિલ, પ્રભાતભાઇ મૈયડ, નરસંગભાઇ ગઢવી, અરજણભાઇ પરમાર, હાર્દિકભાઇ પીપળીયા, રાજુભાઇ દહેકવાલ અને ઇન્દ્રજીતસિંહ સિસોદીયાએ આ કામગીરી કરી છે.

### જિલ્લાગાર્ડન પાસે બાપુનગરના કારખાનામાં બનાવઃ જૂની અદાવત અને મજાક-મસ્તીની કારણભૂત

# શ્રમિક પર લોખંડના તાળાથી હુમલોઃ આંખમાં ગંભીર ઈજા

## બાબુ ઉર્ફે ઇન્ચાર્જ યાદવ સામે જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરવાનો પણ ભક્તિનગર પોલીસમાં ગુનો દાખલ



રાજકોટ,તા.૨૧

શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જૂની અદાવત અને મજાક-મસ્તીની બોલાચાલીનો ખાર રાખીને કારખાનામાં સુતેલા એક શ્રમિક યુવક પર લોખંડના તાળા વડે ઘાતકી હુમલો કરવાનો સંગીન બનાવ પ્રકાશમાં આવ્યો છે. આરોપીએ શ્રમિકને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી, માથા તથા આંખના ભાગે તાળાના ૫-૬ ઘા ઝીંકી દેતા ગંભીર રીતે ઘવાયેલા શ્રમિકને અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુધી સારવાર લેવી પડી હતી. આ અંગે ભક્તિનગર પોલીસે એટ્રોસિટી એક્ટ અને હુમલા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ દફતરેથી મળતી વિગતો અનુસાર, મૂળ ઉત્તર પ્રદેશના બલરામપુર જિલ્લાના ગણેશપુર ગામના વતની અને હાલ રાજકોટમાં બાપુનગર શેરી નંબર ૧૩માં આવેલા 'સુંદર મેટલ' નામના કારખાનામાં રહીને મજૂરી કામ કરતા મુકેશકુમાર છેદી પાસવાન (ઉ.વ. ૩૦, અનુસૂચિત જાતિ) એ આ મામલે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, અગાઉ આ જ કારખાનામાં તેમની સાથે મજૂરી કામ કરતા અને તેમના જ ગામના વતની બાબુ ઉર્ફે ઇન્ચાર્જ યાદવ સાથે અગાઉ મજાક કરવા બાબતે બોલાચાલી અને ઝગડો થયો હતો. આ બાબતનો ખાર રાખીને, ગત તારીખ ૨ માર્ચ ૨૦૨૬ના રોજ રાત્રિના આશરે દસેક વાગ્યે જ્યારે મુકેશકુમાર અને અન્ય શ્રમિકો કારખાનામાં સુતા હતા, ત્યારે આરોપી બાબુ ઉર્ફે ઇન્ચાર્જ યાદવ ત્યાં ધસી આવ્યો હતો.

આરોપી બાબુ યાદવે કારખાનામાં પ્રવેશતાની સાથે જ સુતેલા મુકેશકુમાર પર લોખંડનું તાળું લઈ જીવલેણ હુમલો કરી દીધો હતો. તેણે મુકેશકુમારની જમણી આંખ ઉપર તાળાના ૫-૬ હુમલાઓ ઝીંકી દીધા હતા, જેના કારણે આંખમાંથી લોહીની ધારાઓ વહેવા લાગી હતી. હુમલા દરમિયાન આરોપીએ ગાળો ભાંડીને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરતા કહ્યું હતું કે, ''સાલા પાસી નીચી જાતી ના...'' અને જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી ભાગી છૂટ્યો હતો.

હુમલા બાદ કારખાનાના માલિક મનીષભાઈ પટેલે લોહીલુહાણ હાલતમાં મુકેશકુમારને તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યા હતા. આંખમાં વધારે ઈજા હોવાને કારણે તેમને વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં તેઓ ૫ દિવસ સુધી દાખલ રહ્યા હતા. ત્યારબાદ તેઓ વતનમાં પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. ફરિયાદ નોંધાવવામાં થયેલા વિલંબ અંગે ભોગ બનનારે જણાવ્યું હતું કે, હુમલા દરમિયાન તેમનું જ્ઞાતિનું પ્રમાણપત્ર ખોવાઈ ગયું હતું. નવું પ્રમાણપત્ર કઢાવ્યા બાદ તેઓ ગઈકાલે જ રાજકોટ પરત આવ્યા હોવાથી આજે વિધિવત ફરિયાદ નોંધાવી છે.ભક્તિનગર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.એચ. ગોહીલે મુકેશકુમારની ફરિયાદના આધારે આરોપી બાબુ ઉર્ફે ઈન્ચાર્જ યાદવ સામે જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### થોરાળા વિસ્તારમાં બનાવઃ ગાડીના કાચ તૂટવાની ચિંતાએ સમજાવવા જતાં મામલો બિચક્યો

# ક્રિકેટ મામલે મહિલા અને યુવતીની ધોલધપાટ



રાજકોટ,તા.૨૧

શહેરના નવા થોરાળા વિસ્તારમાં આવેલ કોમન પ્લોટમાં ક્રિકેટ રમવા જેવી સામાન્ય બાબતે બે શખ્સોએ ઉશ્કેરાઈ જઈને પાડોશમાં રહેતી એક મહિલા અને તેની પુત્રી પર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાનો બનાવ સામે આવ્યો છે. કોમન પ્લોટમાં ક્રિકેટ રમતી વખતે કોઈની ગાડીના કાચ ન તૂટી જાય તે માટે ધીમેથી રમવાનું સમજાવવા ગયેલા માતા-પુત્રીને બે શખ્સોએ બેફામ ગાળો આપી, ઢીકાપાટુ તથા લાકડી વડે માર માર્યો હતો. આ અંગે થોરાળા પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવાઈ છે.

પોલીસ સ્ટેશનમાંથી મળતી વિગતો અનુસાર, નવા થોરાળા વિસ્તારમાં આવેલ ક્રિષ્ના પાર્ક શેરી નંબર-૦૩ માં રહેતા નેહલબેન વિનોદભાઈ સિંધવ (ઉ.વ. ૨૧) એ આ મામલે ફરિયાદ નોંધાવી છે. ગત સાંજના આશરે સાડા છ વાગ્યાના અરસામાં નેહલબેન, તેમના માતા લલિતાબેન અને તેમના માસી રેખાબેન રાઠોડ ઘર પાસે શેરીમાં બેઠા હતા. આ દરમિયાન લતાના છોકરાઓ શેરીમાં આવેલ કોમન પ્લોટમાં ક્રિકેટ રમતા હતા.

રમતા-રમતા દડો કોઈની ફોરવ્હીલ ગાડીમાં વાગે તો કાચ તૂટી જવાની ભીતિ હોવાથી લલિતાબેન છોકરાઓને સમજાવવા ગયા હતા અને 'અહીં હળવેથી ક્રિકેટ રમો' તેમ કહ્યું હતું. આટલું કહેતા જ ત્યાં ક્રિકેટ રમી રહેલો ધાર્મિકભાઈ કિરીટભાઈ પરમાર અને તેનો માસીનો દીકરો આર્યન એકદમ ઉશ્કેરાઈ ગયા હતા.

આરોપી ધાર્મિક અને આર્યને લલિતાબેનને જેમ ફાવે તેમ ગાળો આપવાનું શરૂ કર્યું હતું. આ જોઈ નેહલબેન ત્યાં વચ્ચે સમજાવવા વચ્ચે પડતાં આરોપીઓએ 'આ અમારો પ્લોટ છે, તમારો નથી' તેમ કહી નેહલબેનને પણ ગાળો આપી ધક્કો મારી નીચે પાડી દીધા હતા.

ત્યારબાદ બંને શખ્સોએ નેહલબેનને બેફામ ઢીકાપાટુનો માર મારવાનું શરૂ કર્યું હતું. એટલાથી પણ મન ન ભરાતાં ધાર્મિક પરમાર બાજુમાંથી લાકડી લઈ આવ્યો હતો અને નેહલબેનને ડાબા હાથના ભાગે તથા શરીરે લાકડીના આડેધડ ઘા ઝીંકી દીધા હતા.

હુમલા દરમિયાન નેહલબેને રાડા રાડી કરતા આજુબાજુના લોકો એકઠા થઈ ગયા હતા, જેથી બંને આરોપીઓ ત્યાંથી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત નેહલબેનને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાંથી સારવાર મેળવી રજા લીધા બાદ નેહલબેને થોરાળા પોલીસ સ્ટેશને પહોંચી બંને શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે જાહેરનામાનો ભંગ કરવા, ગાળો આપવા તથા લાકડી વડે મૂઢ ઈજા પહોંચાડવા અંગે ધાર્મિક કિરીટભાઈ પરમાર અને આર્યન વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સગીરની બેફામ કારની હડફેટે અનેક વાહનો

## સગીર સંતાનોના હાથમાં વાહન સોંપતા પહેલા સો વાર વિચારજો, તમારો લાડ કોઈ નિર્દોષનો જીવ લઈ શકે છે!

રાજકોટ, તા.૨૧

શહેરમાં વધુ એક વાર સગીર વયના બાળકના હાથમાં વાહન સોંપવાનું ભયંકર પરિણામ સામે આવ્યું છે. શહેરના વ્યસ્ત રૈયા રોડ પર એક સગીર ચાલકે પોતાની બેફામ કારથી અનેક વાહનોને ટક્કર મારતા ભારે અફરાતફરી સર્જાઈ હતી. આ ઘટના માત્ર એક અકસ્માત નથી, પરંતુ પોતાના સગીર સંતાનોને વાહન આપતા દરેક વાલીઓ માટે એક ગંભીર ચેતવણી છે. રાજકોટનો અત્યંત વ્યસ્ત ગણાતા રૈયા રોડપર પૂરપાટ ઝડપે દોડતી કાર પરથી સગીર ચાલકે અચાનક કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બનેલી કારે રસ્તા પર જતા સ્કૂટર સહિત અનેક વાહનોને ધડાકાભેર અડફેટે લીધા હતા.

આ ગંભીર અકસ્માતમાં એક નિર્દોષ વ્યક્તિને ગંભીર ઇજાઓ પહોંચી છે, જ્યારે અન્ય કેટલાક લોકોને સામાન્ય ઇજાઓ થઈ છે. અકસ્માત બાદ સ્થાનિક લોકોએ તાત્કાલિક દોડી આવી ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં મદદ કરી હતી.ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને ટ્રાફિક વ્યવસ્થા પૂર્વવત કરાવી હતી. પ્રાથમિક તપાસમાં કાર ચલાવનાર સગીર હોવાનું ખુલતા પોલીસે કાર કબજે કરી છે. પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધીને, સગીરના હાથમાં કારનું સ્ટીયરીંગ સોંપનાર જવાબદાર વાલીઓ સામે કડક કાનૂની કાર્યવાહીની દિશામાં તપાસ શરૂ કરી છે.ઘટનાએ ફરી એકવાર સગીરો દ્વારા વાહન ચલાવવાના મુદ્દે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. સ્થાનિક લોકોએ આવા કિસ્સાઓ અટકાવવા માટે કડક કાર્યવાહીની માંગ ઉઠાવી છે.

કુવાડવામાં ૭૦ લાખના SMCના દારૂ દરોડા પછી CP લાલઘૂમ

# કુવાડવા પોલીસ સ્ટેશનના PI વસાવા સસ્પેન્ડ

**સ્થાનિક પોલીસ ઊંઘતી રહી અને SMC એ ૧ કરોડનો મુદ્દામાલ પકડી પાડ્યો! ડી-સ્ટાફમાં ફફડાટ**



રાજકોટ, તા.૨૧

રાજકોટમાં કાયદો અને વ્યવસ્થા જાણે બુટલેગરોના ખિસ્સામાં હોય તેવી રીતે છડેચોક ધમધમતા દારૂના નેટવર્ક પર આખરે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ આકરો સપાટો બોલાવ્યો છે. કુવાડવા રોડ પોલીસની હદમાં ચાલતા ગોરખધંધા પર સ્ટેટ મોનીટરીંગ સેલની તવાઈ બાદ, સ્થાનિક પોલીસની શંકાસ્પદ કામગીરી અને ઘોર બેદરકારીના પગલે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના પી.આઈ. વી. આર. વસાવાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવતા ભ્રષ્ટ પોલીસકર્મીઓમાં સોપો પડી ગયો છે.

શુક્રવારે જખઈ ની ટીમે ચોક્કસ બાતમીના આધારે કુવાડવા રોડ પર આવેલા છઊંૈ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. આ દરોડામાં જંગલેશ્વરના નામચીન અને લિસ્ટેડ બુટલેગર ફિરોઝ સંધીના ૭૦.૩૮ લાખ રૂપિયાની કિંમતના ૨૧૭ પેટી વિદેશી દારૂના જંગી જથ્થાનો પર્દાફાશ થયો હતો. આટલો મોટો દારૂનો જથ્થો કુવાડવા પોલીસની હદમાં ઉતારવામાં આવે અને સ્થાનિક પોલીસને ગંધ સુદ્ધાં ન આવે તે વાત ગળે ઉતરે તેવી નથી. જખઈ એ દારૂ, ટ્રક અને કાર સહિત કુલ ૧ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કુવાડવા પોલીસની આબરૂના ધજાગરા ઉડાવ્યા હતા.






જખઈ ના આ આકરા દરોડા બાદ થયેલી સઘન પૂછપરછમાં વિદેશી દારૂનો આ મસમોટો જથ્થો મંગાવનાર તરીકે જંગલેશ્વરના લિસ્ટેડ બુટલેગર ફિરોઝ સંધીનું નામ ખૂલ્યું હતું. સ્થળ પરથી મળી આવેલી ક્રેટા કાર (નંબર ય્ઉં.૦૧.છી.૬૪૪૦) ના માલિક સુલતાન સંધી, ટ્રક ચાલક, બોલેરો ચાલક અને દારૂ મોકલનાર સપ્લાયર સહિત કુલ ૬ ફરાર શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બુટલેગરો સાથેની સીધી કે આડકતરી મિલીભગત અને પોતાની હદમાં ચાલતા આટલા મોટા ક્રાઈમને રોકવામાં નિષ્ફળ રહેલા ઙઈ વસાવાને દરોડાના માત્ર બે જ દિવસમાં સસ્પેન્ડ કરીને પોલીસ કમિશનરે સ્પષ્ટ મેસેજ આપી દીધો છે કે ગુનેગારોને છાવરનાર ખાખીને બક્ષવામાં નહીં આવે. ઙઈ સસ્પેન્શન પછી કુવાડવા પોલીસ સ્ટેશનમાં ભૂકંપ આવી ગયો છે. દારૂ અને જુગારની બદીઓ પર નજર રાખવાની જેની સીધી જવાબદારી હોય છે તેવા કુવાડવા પોલીસના 'ડી-સ્ટાફ' (ઉ-જફિંર) માં પણ હાલ ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

હવે જોવું એ રહ્યું કે કમિશનરની આ લાલ આંખનો આગામી શિકાર કોણ બને છે!

---

**મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં કર્યા યોગ**

# વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોમાં મુસાફરોએ કર્યા યોગ

આજે ૨૧ જૂન, ૨૦૨૬ના રોજ ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની દેશભરમાં ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી છે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદ તો, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં યોગ કરી લોકોને સ્વસ્થ, નીરોગી બનવાનો સંદેશ આપ્યો હતો .ત્યારે પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના વિવિધ મુખ્ય સ્થળોએ તેમજ ચાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોમાં ખાસ યોગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચાલતી ટ્રેનોમાં મુસાફરોને યોગ કર્યા હતા. ડિવિઝનલ રેલવે મેનેજર વેદ પ્રકાશે જણાવ્યું હતું કે, 'આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે અમદાવાદ રેલવે ડિવિઝન દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી હતી.

સૌપ્રથમ અમે અમારા તમામ કર્મચારીઓ અને પરિવારોને યોગ સાથે જોડવાનો પ્રયાસ કર્યો હતો. અમારા વિવિધ કેન્દ્રો અને રેલવે સંસ્થાઓમાં મોટી સંખ્યામાં લોકોએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.'બીજી ખાસ પહેલ તરીકે આજે અમે વંદે ભારત ટ્રેનોમાં મુસાફરી કરતા મુસાફરોને યોગ સાથે જોડવા માટે એક અનોખી પહેલ શરૂ કરી હતી. આ પહેલના ભાગ રૂપે યોગ ગુરુઓના સૂચનો ટ્રેનના પાઇપ્ડ મ્યુઝિક (ઓડિયો સિસ્ટમ) દ્વારા પ્રસારિત કરવામાં આવ્યા હતા અને દરેક કોચમાં હાજર સ્વયંસેવકોએ મુસાફરોને તેમની સીટ પર બેસીને યોગનો અભ્યાસ કરવામાં મદદ કરી હતી. મુસાફરોએ





૧૦ થી ૨૦ મિનિટ માટે સરળ યોગ કર્યા હતા. જેમાં ગરદન, હાથ, કાંડા અને ખભાનું પરિભ્રમણ, ઓમનો જાપ અને ધ્યાનનો સમાવેશ થાય છે.

સાબરમતી સ્થિત કોમ્યુનિટી હોલ ખાતે આયોજિત મુખ્ય કાર્યક્રમમાં યોગ ગુરુએ રેલવે અધિકારીઓ, કર્મચારીઓ, આરપીએફ સ્ટાફ, સ્કાઉટ્સ અને ગાઇડ્સ, નાગરિક સંરક્ષણ સભ્યોને કોમન યોગ પ્રોટોકોલ હેઠળ વિવિધ આસનો, પ્રાણાયામ અને ધ્યાન કસરતોની તાલીમ આપી હતી. આ ઉપરાંત, ઓલ્ડ રેલવે ઇન્સ્ટિટ્યૂટ-સાબરમતી, રેલવે ઇન્સ્ટિટ્યૂટ-કાંકરિયા, કોમ્યુનિટી હોલ-ગાંધીધામ અને કોમ્યુનિટી હોલ-વિરમગામ ખાતે પણ યોગ સત્રોનું આયોજન કરાયુ હતું.

અમદાવાદ ડિવિઝન દ્વારા ભૂતકાળમાં અમદાવાદ, મહેસાણા, પાલનપુર અને ગાંધીધામ સહિત વિવિધ મુખ્ય સ્ટેશનો પર સફળતાપૂર્વક યોગ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રેલવે કર્મચારીઓ અને મુસાફરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નોંધનીય છે કે, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૬ની થીમ ''સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ'' છે.

---

# ૨૦ રાજ્યોમાં 'મીની વાવાઝોડા' સાથે ભારે વરસાદની આગાહી

નવી દિલ્હી, તા.૨૧

હવામાન વિભાગ દ્વારા દેશના ૨૦થી વધુ રાજ્યોમાં ભારે પવન અને વાવાઝોડા સાથે વરસાદનું હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં પ્રિ-મોન્સુન એક્ટિવિટી સક્રિય છે. જે રાજ્યોમાં ચોમાસું પહોંચી ચૂક્યું છે, ત્યાં ભારે વરસાદ પડી રહ્યો છે, ખાસ કરીને સિક્કિમ અને તેની આસપાસના ૬ જિલ્લાઓમાં. આ ઉપરાંત, મધ્યપ્રદેશ અને રાજસ્થાન સહિત ૨૦ રાજ્યોમાં 'મીની વાવાઝોડા' જેવો માહોલ સર્જાવાની આગાહી છે. બીજી તરફ, ગુજરાત હજુ પણ સત્તાવાર ચોમાસાની કાગડોળે રાહ જોઈ રહ્યું છે. સામાન્ય રીતે ગુજરાતમાં ૧૫ જૂન આસપાસ સત્તાવાર ચોમાસું બેસી જતું હોય છે. પરંતુ આ વર્ષે ૨૧ જૂન વીતી ગયા બાદ પણ ચોમાસાની સત્તાવાર એન્ટ્રી થઈ નથી અને હજુ આગામી ૫ દિવસ સુધી ચોમાસું બેસવાના કોઈ જ એંધાણ દેખાઈ રહ્યા નથી. રાજ્યમાં હજુ પણ આકરી ગરમીનો પ્રકોપ યથાવત છે. રવિવારે રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર અને ડીસા એમ ચાર મોટા શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચી જતાં લોકોએ અસહ્ય ઉકળાટનો સામનો



**ગુજરાતમાં હજુ ૫ દિવસ ચોમાસાના કોઈ એંધાણ નહીં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતાં દેશભરમાં એલર્ટ : રાજ્યમાં પ્રિ-મોન્સુન એક્ટિવિટીથી છૂટોછવાયો વરસાદ, તો ૪ શહેરોમાં ૪૦ ડિગ્રી પાર આકરી ગરમી**

કરવો પડ્યો હતો.

રાજ્યમાં સત્તાવાર ચોમાસાની રાહ વચ્ચે પ્રિ-મોન્સુન એક્ટિવિટીના ભાગરૂપે અલગ-અલગ વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે. આજે સુરતના બારડોલી અને અંબિકા, નવસારીના ચીખલી તેમજ અમરેલીના સાવરકુંડલામાં હળવો વરસાદ નોંધાયો હતો. અમરેલી જિલ્લામાં સતત બીજા દિવસે પણ વરસાદી વાતાવરણ યથાવત રહ્યું છે. સાવરકુંડલા તાલુકાના જાબાળ, દેતડ અને દોલતી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક વરસાદી હેલી શરૂ થતાં વાતાવરણમાં સારી એવી ઠંડક પ્રસરી ગઈ હતી. લાંબા સમયના ઉકળાટ બાદ પડેલા આ હળવા ઝાપટાંથી સ્થાનિક ખેડૂતોમાં હર્ષની લાગણી છે, જોકે જિલ્લામાં હજુ સુધી સારો અને વાવણીલાયક ધોધમાર વરસાદ ન પડવાથી જગતનો તાત ચિંતાતુર છે અને વાવણી કરવા માટે સારા વરસાદની મીટ માંડીને બેઠો છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં એક 'વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ' સિસ્ટમ સક્રિય છે જે ટ્રફના સ્વરૂપે સરેરાશ દરિયાઈ સપાટીથી ૫.૮ કિમીની ઊંચાઈ પર આવેલું છે. આ સાથે જ ઉત્તર ગુજરાતથી એક ટ્રફ લાઇન ૫.૮ કિમીની ઊંચાઈ સુધી વિસ્તરીને પશ્ચિમ અરબી સમુદ્ર તરફ ગઈ છે. આ સિસ્ટમના પ્રભાવને લીધે આગામી ૭ દિવસો દરમિયાન સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાત રીજનના છૂટાછવાયા સ્થળો પર હળવોથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. સૌરાષ્ટ્ર-કચ્છના લગભગ તમામ જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ થઈ શકે છે, જ્યારે ગુજરાત રીજનમાં મુખ્યત્વે દક્ષિણ ગુજરાતના ભાગો ઉપરાંત આણંદ, છોટાઉદેપુર અને અમદાવાદ જિલ્લામાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

---



# બે લોકો પર હુમલો કરનાર વનરાજે છોડી દુનિયા

**સિંહને હડકવા ઉપડ્યો હોવાની પ્રબળ આશંકાઃ બાબરકોટ રોડ પર બાઈક અને રિક્ષાચાલકને અડફેટે લીધા બાદ આંચકીઓ આવતા તોડ્યો દમ**

રાજકોટ, તા. ૨૧

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના બાબરકોટ રોડ પર એક ચોંકાવનારી અને અરેરાટીભરી ઘટના સામે આવી છે. અહીં એક સિંહે રસ્તા પર આતંક મચાવતા બે વાહનચાલકો પર હુમલો કર્યો હતો. જોકે, આ હુમલા બાદ થોડી જ વારમાં વનવિભાગની નજર સામે જ સિંહનું શંકાસ્પદ રીતે તરફડીને મોત નીપજતાં ભારે ચકચાર મચી જવા પામી છે. સિંહને હડકવા થયો હોવાની આશંકા સેવાઈ રહી છે, જેને પગલે જાફરાબાદ રેન્જ વનવિભાગ સતર્ક થઈ ગયું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગીર સોમનાથ અને અમરેલીના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહોની અવરજવર સામાન્ય છે, પરંતુ જાફરાબાદના બાબરકોટ રોડ પર અચાનક એક સિંહે આક્રમક બનીને આતંક મચાવવાનું શરૂ કરતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. રસ્તા પરથી પસાર થઈ રહેલા વિશાલભાઈ બારૈયા નામના બાઈક ચાલક પર સિંહે અચાનક હુમલો કરી દીધો હતો. સિંહે નખ મારતા વિશાલભાઈને સામાન્ય ઈજાઓ પહોંચી હતી, જેથી તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઉપરાંત, આ જ સિંહે ત્યાંથી પસાર થતી એક રિક્ષાની પાછળ પણ દોટ મૂકીને હુમલાનો પ્રયાસ કર્યો હતો, જેના ડર અને બચાવમાં રિક્ષા પલટી ખાઈ ગઈ હતી. સદનસીબે આ રિક્ષા પલટવાની ઘટનામાં કોઈને ગંભીર ઈજા થઈ ન હતી. આ સમગ્ર ઘટના જાફરાબાદ રેન્જ વનવિભાગની કચેરીથી સાવ નજીક બની હોવાથી, ઘટનાની જાણ થતાં જ વનવિભાગના અધિકારીઓ અને રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. સિંહના આક્રમક વલણને જોતા સુરક્ષાના ભાગરૂપે રોડ પરનો




વાહનવ્યવહાર થોડીવાર માટે અટકાવી દેવામાં આવ્યો હતો. વનવિભાગની ડોક્ટરોની ટીમ સિંહને ટ્રાન્ક્યુલાઈઝ કરીને પકડવાની (રેસ્ક્યુ કરવાની) તૈયારી કરી રહી હતી, તે જ સમયે એક અણધારી ઘટના બની. સિંહને અચાનક બે થી ત્રણ વખત જોરદાર આંચકીઓ (ખેંચ) આવી અને અધિકારીઓની નજર સામે જ તેનું શંકાસ્પદ રીતે મોત નીપજ્યું હતું.

## હડકવાની આશંકાઃ લેબોરેટરીમાં મોકલાયા સેમ્પલ

સિંહના આ પ્રકારના અસામાન્ય અને હિંસક વર્તન બાદ આંચકીઓ આવીને થયેલા મોતને પગલે વનવિભાગે પ્રાથમિક ધોરણે સિંહને 'હડકવા' થયો હોવાની પ્રબળ આશંકા વ્યક્ત કરી છે. હાલમાં મૃતક સિંહના મૃતદેહને વધુ તપાસ માટે બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો છે. ડોક્ટરોની ટીમ દ્વારા મૃતક સિંહના જરૂરી સેમ્પલ લેવામાં આવ્યા છે અને તેને લેબોરેટરીમાં મોકલીને મોતના ચોક્કસ કારણ અંગેની સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.